
# દર્શન-કથા

## (મનોવતીની દર્શન-પ્રતિજ્ઞા)



પ્રકાશક :
**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા પુષ્પ-૨૫૦

ॐ

नमः सद्गुरवे।

# દર્શન-કથા

## (મનોવતીની દર્શન-પ્રતિજ્ઞા)

કવિશ્રી ભારમલ્લજીકૃત
હિન્દી પદ્ય-કથા ઉપરથી

: લેખક :
બ્ર. હરિલાલ જૈન

પ્રકાશક :
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)
website : www.kanjiswami. org
E mail : contact@kanjiswami.org

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**



પ્રથમાવૃત્તિ : પ્રત : ૧૦૦૦ ઈ.સ. ૨૦૧૬

**દર્શન-કથા (ગુજરાતી)ના**

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**

**લીલાવતી ચીમનલાલ ચુડગર**

**હસ્તે સોનીબેન હિતેશ શાહ, દાદર-મુંબઈ**

ॐ


સહજ ચિદાનંદ.

**કિંમત ૧૦=૦૦**

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રકાશકીય નિવેદન

દર્શન-કથા (ગુજરાતી) આ પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં ઘણો જ હર્ષ થાય છે.

ભગવાન મહાવીરની દિવ્યધ્વનિમાંથી પ્રવાહિત અને કુંદકુંદાદિ આચાર્યપ્રણિત ગંભીર વચનોનું હાર્દ સમજાવનાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં આત્મસાધનાથી સુવર્ણપુરી પવિત્ર તીર્થધામ બની ગયું છે.

પુરાણોમાં તો જિનેન્દ્ર ભગવાનના દર્શનનો મહિમા ઠેર-ઠેર ભર્યો છે. જિનવરદેવના દર્શન વગરનું જૈનનું જીવન કલ્પી શકાતું નથી. કવિશ્રી ભારમલ્લજી રચિત આ દર્શનકથા પહેલા છપાઈ ગઈ હતી. તેની ઘણી માંગણી હોવાથી આ આવૃત્તિ છાપવામાં આવી રહી છે.

આ પુસ્તકનું સુંદર લેખન બ્ર. હરિભાઈ જૈન કે જેમણે ઘણી જ વાર્તાઓની ચોપડી લખી છે. તે બદલ ટ્રસ્ટ તેમનો તથા આ પુસ્તકનું સુંદર મુદ્રણકાર્ય સ્મૃતિ ઑફસેટના માલિક શ્રી નિલયભાઈ જૈને કરી આપેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક દ્વારા જિનેન્દ્રદર્શનનો મહિમા વિસ્તરે અને ખાસ કરીને બાળકો નિયમિત જિનેન્દ્રદેવના દર્શન કરવાની પ્રેરણા મેળવે એ જ ભાવના.

શ્રુતપંચમી — **બ્ર. હરિલાલ જૈન**

તા. ૯-૬-૨૦૧૬

## મંગલ વંદના


નમું દેવ અરિહન્તને શ્રી જિનવાણી માત;
નમું દેવ નિર્ગ્રંથને, આનંદ-મંગલ દાત.

ઋષભનાથ જિન પ્રણમું તુજ, અજય અમર પદ દેજો મુજ,
અજિત જિનેશ્વર વંદન કરું, કર્મકલંક એક ક્ષણમાં હરું. ૧
વંદુ સંભવ જિનનાં પાય, અભિનંદન સમરું મન લાય,
સુમતિ જિનેશ નમું કર જોડ, ભવભવનાં પ્રભુ બંધન તોડ. ૨
વંદું પદ્મપ્રભુનાં પાય, જેને ભજતાં પાપ ભગાય,
નમું સુપારસ નાશ જિનેશ, સ્મરણ કરતાં કાપે ક્લેશ. ૩
વંદું ચંદ્રપ્રભ જિનદેવ, ઈન્દ્ર નરેન્દ્ર કરે જસ સેવ,
પુષ્પદંત શીતલ જિનરાય, નમું શ્રેયાંસ જિનેશ્વર પાય. ૪
વાસુપૂજ્ય મહારાજ સુપૂજ્ય, ભવદધિ તારણતરણ જહાજ,
વંદું વિમલ અનંત જિનેશ, કાપે કર્મ રહે ન લેશ. ૫
ધર્મનાથ વંદું સુખકાર, ભવદધિ પાર ઉતારનહાર,
શાંતિ કુંથુ ને અર જિનેશ, ધર્મચક્રી વંદું પરમેશ. ૬
મલ્લિનાથ સમરું મનમાંય, જન્મ-મરણનાં પાતક જાય,
વંદું મુનિસુવ્રત ગંભીર, સ્મરણ કર્યે ભાંગે ભવભીજ. ૭
નમિનાથ વંદું સુખકાર, ભવદધિ પાર ઉતારનહાર,
વંદું નેમિનાથ જિનરાય, બાલબ્રહ્મચારી સુખદાય. ૮
વંદું પારસનાથ જિણંદ, કમઠ માનભંજન સુખકંદ,
મહાવીર વંદુ સુખદાય, સબ આગમ પ્રભુ દિયા બતાય. ૯
ચોવીસ જિનવર વંદીને, જિનવાણી શિર નાંય,
શ્રી જિનદર્શન--કથા અહો, સુણો ભવ્ય મન લાય. ૧૦

## શ્રી જિનદર્શનનો મહિમા

ગુરુ ગૌતમના સમરું પાય,
દર્શનકથા કહું મન લાય.
દર્શન જિનવરનાં બહુ સાર,
દર્શન કરો સહુ નરનાર.
પહેલાં શ્રી જિન દર્શન કરો,
કાર્ય સહુ પછી જ સંભારો,
જે જિનદર્શન કરે નિત સાર,
ધન્ય જન્મ તેનો અવધાર.
ઉદર ભરે જિનદર્શન વિન,
જાણો નર તે બુદ્ધિવિહીન.
દર્શન વિણ જીવન ધિક હોય,
તેથી દર્શ કરો સહુ કોય.
દર્શનપ્રતિજ્ઞા મનોવતી ધારી,
થઈ કથા તેને સુખકારી.
સુણો ભવિજન ચિત્ત લગાય,
જાસ થકી સહુ વિઘ્ન નશાય.

ભગવાન જિનેન્દ્રદેવના દર્શન એ દરેક જૈન-શ્રાવકનું હંમેશનું પ્રથમ કર્તવ્ય છે. મનોવતીએ ભગવાન જિનેન્દ્રદેવના દર્શનની પ્રતિજ્ઞા કરીને કેવા ઉત્તમ પ્રકારે તેનું પાલન કર્યું--એની ભક્તિભરી કથા શરૂ થાય છે. આ કથા સૌને જિનેન્દ્રદર્શનની પ્રેરણા જગાડનારી છે. ણમો જિણાણં એમ જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરીને આ કથા વાંચવી શરૂ કરો.



૧. મારે પ્રભુના દર્શન કરવા છે;
મારે આત્માના દર્શન કરવા છે.

૨. મારે જ્ઞાનીની સેવા કરવી છે;
મારે સમજણ સાચી કરવી છે.

૩. મારે શાસ્ત્રોનો અભ્યાસ કરવો છે;
મારે મોહ દૂર કરવો છે.

૪. મારે સંગ મુનિનો કરવો છે;
મારે વૈરાગ્ય સાચો કરવો છે;

૫. મારે સંસારમાંથી છૂટવું છે;
મારે ઝટપટ મોક્ષે જાવું છે.

## કથા—પ્રારંભ

### હસ્તિનાપુર નગરીમાં

બધા દ્વીપોની વચ્ચે આપણો જંબૂદ્વીપ શોભી રહ્યો છે; તેમાં ભરત, ઐરાવત, વિદેહ વગેરે સાત ક્ષેત્રો છે. ભરતક્ષેત્રમાં કુરુજાંગલ દેશમાં હસ્તિનાપુર નામની સુંદર નગરી છે. એ નગરીના મહિમાનું શું કહેવું? સ્વર્ગપુરી જેવી એની શોભા છે; શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ એ ત્રણે ચક્રવર્તી-તીર્થંકરો, તેમજ બીજા અનેક મોક્ષગામી મહાપુરુષો આ હસ્તિનાપુરીમાં થયા છે. શ્રેયાંસકુમારે ઋષભદેવ ભગવાનને વર્ષીતપનું પારણું આ નગરીમાં જ કરાવ્યું હતું; ૭૦૦ મુનિઓના સંઘની રક્ષા વિષ્ણુકુમારે આ નગરીમાં જ કરી હતી; પાંચ પાંડવ ભગવંતો પણ અહીં જ થયા હતા. એવી આ પવિત્ર નગરી બાર યોજન વિસ્તારમાં અનેક બાગબગીચાથી શોભી રહી છે. ત્યાં મોટામોટા અનેક મહેલોની પંક્તિ છે, ને ઉત્તમ શ્રાવકજનો ત્યાં વસી રહ્યા છે. નગરીની મધ્યમાં વિશાળ જિનમંદિર છે અને સોનાનાં કળશથી તેનું શિખર ઝળકી રહ્યું છે.

તે હસ્તિનાપુર નગરીમાં યશોધર નામના રાજા રાજ્ય કરે છે; તે ન્યાયવંત છે અને ચારે તરફ તેનો યશ ફેલાઈ રહ્યો છે. તેમના રાજ્યમાં મહારથ નામના એક શેઠ રહે છે, તે જૈનધર્મના મહાન ભક્ત છે અને પુણ્યના ઉદયથી તેમના ઘરે

લક્ષ્મીનો પાર નથી. બાવન કરોડ સોનામહોરોથી એનો ભંડાર ભર્યો છે ને એના મહેલ પર બાવન ધજા ફરકે છે. તેની સ્ત્રીનું નામ મહાસેના છે, તે પણ શીલવાન ને ગુણવાન છે. તેમને ત્યાં દેવકન્યા જેવી એક દીકરી થઈ, એનું નામ મનોરમા.

## મનોરમાનું બાળપણ

મનોરમા રૂપવંતી અને ગુણવંતી છે. તે આઠ વર્ષની થતાં વિદ્વાનો પાસે ભણવા લાગી અને થોડા જ વખતમાં અનેક વિદ્યાઓ ભણી લીધી. શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો. એના મુખથી વિદ્યાની ચર્ચા સાંભળીને માતાપિતા આનંદિત થતા. બીજના ચંદ્રની જેમ વધતાં વધતાં મનોરમા સોળ વર્ષની થઈ, ત્યારે કોઈ શુભસ્થાને તેના વિવાહ માટે માતાપિતાને ચિંતા થઈ, અને પુરોહિતને બોલાવીને યોગ્ય વર શોધવા માટે મોકલ્યો. ધર્મમાં તેમજ કુળ સંપદામાં આપણા જેવા હોય–એવા ઉત્તમ વરની શોધ કરવાની આજ્ઞા કરીને પુરોહિતને વિદાય કર્યો, એવા ઘર ને વરની શોધમાં દેશોદેશ ફરતાં ફરતાં તેને છ મહિના તો વીતી ગયા. પછી શું થયું? તે કહે છે :

## વલ્લભીપુરમાં સગાઈ

મનોરમાને માટે યોગ્ય વર શોધવા દેશોદેશ ભમતાં-ભમતાં તે પુરોહિત અવંતિદેશના વલ્લભીપુર નગરમાં આવી પહોંચ્યો. દેવપુરી જેવી એ નગરીને દેખતાં તે ઘણો આનંદિત થયો. ત્યાં ઠેર ઠેર માણેક મોતીની ઝાલર ઝુલતી હતી, ને મુક્તાફળ તથા સુવર્ણમુદ્રાના ઢગલા નજરે પડતા હતા.

મોટામોટા જિનમંદિરો સુવર્ણના કળશોથી ને મણિરત્નોથી શોભી રહ્યા હતા. ઉત્તમ રાજા ત્યાં રાજ કરતો હતો ને જૈનધર્મપાલક ઉત્તમ શ્રાવકો તે નગરીમાં વસતા હતા; તેમાં સોમદત્ત નામના શેઠ વિશેષ ધનવાન હતા, તેમને હેમશ્રી સ્ત્રી અને સાત પુત્રો હતા. તેમાં છ પુત્રોના તો વિવાહ થઈ ગયા હતા, ને સૌથી નાનો બુધસેન હજી કુંવારો હતો; તે પ્રવીણ અને રૂપવાન હતો. એને જોતાં પુરોહિતને વિચાર થયો કે આ યોગ ઉત્તમ છે, મનોરમાને માટે આ બુધસેન બધી રીતે યોગ્ય છે. આમ વિચારીને તે પુરોહિતે સોમદત્ત શેઠને વાત કરી કે હસ્તિનાપુરીના મહારથ શેઠ તેમની પુત્રી મનોવતી આપના પુત્ર બુધસેનને આપવા ચાહે છે. એ વાત સાંભળીને સોમદત્ત શેઠ બહુ ખુશી થયા ને તેમણે પોતાની સંમતિ આપી. તરત જ નગરજનોને બોલાવ્યા ને અનેક નારીઓ મંગલ-ગીત ગાવા લાગી, સજ્જનોનું સન્માન કર્યું ને શ્રાવકોને દાન દીધું; જિનમંદિરમાં ધામધૂમથી મોટી પૂજા રચાવી અને શુભ મુહૂર્તે કુંવરને તિલક કર્યું. પછી ઘણું ધન વગેરે ભેટ આપીને પુરોહિતજીને વિદાય કર્યા. ત્યાંથી શીઘ્ર રવાના થઈ પુરોહિતજી થોડા જ દિવસોમાં હસ્તિનાપુર પહોંચ્યા અને શેઠજીને બધો વૃત્તાંત જણાવ્યો, તે સાંભળીને શેઠને ઘણો હર્ષ થયો, અને આ સંબંધની સૌએ પ્રશંસા કરી.

આ રીતે મનોવતીની સગાઈ થઈ. ત્યારપછી કથા આગળ ચાલતા શું બન્યું? તે હવે કહે છે :

જ્યારે મનોવતીએ સગાઈની વાત જાણી અને હવે અલ્પકાળમાં વિવાહ થશે–એમ લાગ્યું, ત્યારે એક દિવસ શ્રી જિનધર મુનિરાજનું તે નગરીમાં આગમન થયું. હજારો નગરજનો મુનિરાજના દર્શન કરવા ઉમટ્યા. મનોવતી પણ ભક્તિપૂર્વક મુનિરાજના દર્શન કરવા ગઈ....અહા, વીતરાગી સંત, મોક્ષના સાધક, સંસારના ત્યાગી—એમના દર્શન કરતાં ને એમનો ચૈતન્યઝરતો ઉપદેશ સાંભળતાં મનોવતીને અપાર હર્ષ થયો. ભક્તિપૂર્વક શ્રી મુનિરાજને વંદના કરીને કહ્યું : હે કરુણાનિધિ મુનિરાજ! મારી એક અરજ સાંભળો.....મને કોઈ એવું વ્રત આપો કે જેથી મારો જન્મ સફળ થાય.....ને મારી ધાર્મિકભાવનાને પોષણ મળ્યા કરે. મનોવતીની એ વાત સાંભળીને મુનિરાજે વાત્સલ્યથી કહ્યું : બેટી, જૈનધર્મના ઊંચા સંસ્કારથી તારું જીવન ધન્ય બન્યું; તેં જિનવ્રતની માંગણી કરી તો તું ઉત્તમ પુષ્પાંજલિ વ્રત અંગીકાર કર, એ જિનેન્દ્રદર્શન મહાન સુખકાર છે; જિનદર્શન વગરનું જીવન ધિક્કાર છે....ભગવાનના દર્શન વગરના માનવી તો પશુ સમાન છે. મુનિરાજની એ વાત સાંભળીને મનોવતીએ વિનયપૂર્વક કહ્યું–હે સ્વામી! હું હંમેશ જિનેન્દ્રદેવના દર્શન કરું અને ગજમોતી ચઢાવીને એમનું પૂજન કરું–ત્યારપછી જ ભોજન કરું—એ મારી પ્રતિજ્ઞા છે, તેમાં આપ સાક્ષી છો. મુનિરાજે આશીર્વાદપૂર્વક એ પ્રતિજ્ઞા આપી. અહા, ૧૬ વર્ષની કન્યા જીવનભર જિનેન્દ્રદર્શનની આવી પ્રતિજ્ઞા કરે છે.....એને સંદેહ નથી ઊઠતો કે ગજમોતી જેવા ઊંચા મોતી જીવનભર

ક્યાંથી મળશે? એને તો જૈનધર્મનો અને જિનેન્દ્ર–ભક્તિનો રંગ છે. એ લગનીના જોરે જિનેન્દ્રદર્શનની નિઃશંક પ્રતિજ્ઞા લીધી. મનોવતીએ ઉચ્ચ ભાવનાથી આવી દર્શનપ્રતિજ્ઞા અંગીકાર કરી તે દેખીને હજારો શ્રાવકજનો પ્રસન્ન થયા ને ધન્ય....ધન્ય કહી તેની પ્રશંસા કરવા લાગ્યા.

**एक प्रतिज्ञा लई शुभसार, सो सुनियो तुम मुनिव्रतधार।**
**गजमोतिनके पुंज चढाय, तब मैं भोजन करुं बनाय।।**
**इतनी दर्शप्रतिज्ञा लई, श्री मुनिवरकी साक्षी दई।**
**लेय प्रतिज्ञा निजघर गई, सुनके तात कहे अब सही।।**

ઘરે જઈને મનોવતીએ દર્શનપ્રતિજ્ઞાની વાત માતાપિતાને કહી, તે સાંભળીને પિતાએ કહ્યું : બેટી! તેં દર્શન પ્રતિજ્ઞા લીધી એ તો બહું સારું કર્યું, પણ સાથે ગજમોતીનો પુંજ ચઢાવીને પછી જ ભોજન કરવું–એ પ્રતિજ્ઞા કરી, તેનું પાલન કરવું મુશ્કેલ પડશે. કેમકે અહીં આપણા ઘરે તો ગજમોતીના ઢગલા છે એટલે તું રોજરોજ આનંદથી ભગવાનના દર્શન કર ને ગજમોતીના પુંજ ચઢાવ, તેમાં કાંઈ હરકત નહીં આવે; પરંતુ જ્યારે તું સાસરે જઈશ ત્યારે તારી ગજમોતીની પ્રતિજ્ઞા નીભાવવી કઠણ પડશે. ત્યારે પુત્રી બોલી : પિતાજી! પુણ્યોદયથી એ પણ મળી રહેશે. ગમે તેવી મુશ્કેલીમાં પણ લીધેલી પ્રતિજ્ઞા છોડાય નહિ. શ્રી મુનિરાજની સાક્ષીમાં મેં જે દર્શનપ્રતિજ્ઞા લીધી છે તે પ્રતિજ્ઞા પ્રાણ જાય તો પણ હું નહીં છોડું.

अब जो दर्शप्रतिज्ञा लई, श्री मुनिवरकी साक्षी दई।
प्राण जाय तो जावे सोय, लई प्रतिज्ञा तजे न कोय।।



—આ પ્રમાણે મનોવતીએ દર્શનપ્રતિજ્ઞા કરી અને તેની સગાઈ પણ થઈ. દર્શનપ્રતિજ્ઞા વડે જિનેન્દ્રભગવાન સાથે લગની લગાડીને ધર્મનું સાચું સગપણ કર્યું ને લૌકિક સગપણ વલ્લભીપુરના બુધસેન સાથે થયું. ત્યારબાદ અમુક વખતે તેના વિવાહની તૈયારી થવા લાગી.

## વિવાહ

કુંવર બુધસેન અને મનોવતીના વિવાહની ધામધૂમથી તૈયારી થવા લાગી; તિલકનો દિવસ આવી પહોંચ્યો, ત્યારે વલ્લભીપુરથી વિશાળ જાન સાથે બુધસેને પ્રયાણ કર્યું; અનેક

હાથી, ઘોડા, રથ, અસવાર તથા વાજિંત્રો સહિત જાન શોભતી હતી. ચાલતાં ચાલતાં થોડા દિવસમાં તે જાન હસ્તિનાપુર આવી પહોંચી, અને ત્યાં બગીચામાં ડેરા–તંબુ નાંખ્યા, ડંકા-નિશાન વાગવા માંડ્યા, ને ધજાઓ ફરકી રહી. મહારથ શેઠે અને સમસ્ત નગરજનોએ ધામધૂમથી ઘણી આગતાસ્વાગતા કરી, ષટ્રસ ભોજન જમાડ્યા. જાન દરવાજે આવી પહોંચી; ત્યાં અપાર શોભા હતી. કંચનના કલશથી ને ગજમોતીનાં હારથી, તેમજ ઉત્તમ વસ્ત્રો વગેરેની ભેટથી સન્માન કર્યું. ત્રણ દિવસ જાનને રાખીને ચોથા દિવસે વિદાય આપી. વિદાય પ્રસંગે મનોવતીને શિખામણ આપતાં કહ્યું કે, હે બેટી! તું ઉત્તમ કુળની મર્યાદાથી વર્તજે; તારાથી મોટા હોય તેની પ્રત્યે વિવેકથી વર્તજે અને સાસુની આજ્ઞા માથે ચડાવજે. તથા જિનેન્દ્રદેવના દર્શનની જે પ્રતિજ્ઞા લીધી છે તેનું દૃઢપણે પાલન કરજે—



जिनवरदर्शनप्रतिज्ञा लई, सो दृढ कर पालो तुम सही।
इहविध तात सीख जब लई, सुन्दरि चित्तमें सब धर लई॥

ત્યારબાદ બુધસેનકુમારની જાન હસ્તિનાપુરથી વિદાય લઈને વલ્લભીપુર આવી પહોંચી. ત્યાં સૌથી પહેલાં જિનમંદિરે જઈને નવદમ્પત્તિએ જિનેન્દ્રદેવને નમસ્કાર કર્યા, તથા અષ્ટવિધ પૂજા કરી. પછી નવવધૂ ઘરે આવતા સ્ત્રીઓએ મંગલ ગીત ગાયા, યાચકજનોને ખૂબ દાન દીધું ને સજ્જનોનું સન્માન કર્યું.

આ રીતે બુધસેન સાથે મનોવતીના વિવાહ થઈ ગયા. ત્યારપછી કથા આગળ વધતાં શું બન્યું? તે સાંભળો.

✻

## દર્શન-પ્રતિજ્ઞાનું પાલન

પુત્રના લગ્નની ખુશાલીમાં સોમદત્ત શેઠે નગરમાં નોતરું ફેરવ્યું ને ઘણા સ્ત્રી-પુરુષોને જમવા માટે નિમંત્ર્યા. નગરજનો તથા કુટુંબ પરિવાર ષટ્રસ ભોજન જમી રહ્યા, છેલ્લે ઘરની સ્ત્રીઓ બાકી રહી. ત્યારે સાસુએ આવીને મનોવતીને ભોજન માટે બોલાવતાં કહ્યું : વહુ બેટા! ચાલો, ભોજન કરી લ્યો, ને બધાના મનને આનંદિત કરો.

ત્યારે મનોવતી મનમાં વિચારે છે કે મેં તો સુખકાર એવી જિનદર્શનપ્રતિજ્ઞા લીધી છે—

सुंदरी मनमें करत विचार, दर्शनप्रतिज्ञा लई सुखकार।
गजमोतीके पुंज चढाय, तबही भोजन करुं बनाय॥

જિનેન્દ્ર ભગવાનના દર્શન કરીને ગજમોતી (અર્થાત્ બહુમૂલ્ય મોતી) વડે પૂજન કરું પછી જ ભોજન કરું. ગજમોતી ચઢાવ્યા વગર ભોજન કરું તો તો પ્રતિજ્ઞાભંગ થાય; એ તો ઠીક ન કહેવાય. અને અહીં ગજમોતી નજરે પડતા નથી; એ મંગાય તો કેમ? આમ વિચારીને મનોવતીએ મૌન ધારણ કર્યું. તેણે ભોજન ન કર્યું, તેમ જ પોતાના મૌનનું રહસ્ય પણ પ્રગટ ન કર્યું.

સાસુએ ઘણું કહેવા છતાં મનોવતીએ ભોજન ન કર્યું. ઘણો સમય વીતી જવા છતાં તેણે ભોજન ન કર્યું તેથી સાસુ ત્યાંથી સેઠ પાસે ગઈ અને કહેવા લાગી—હે સ્વામી! આ વહુએ મૌન ધાર્યું છે, તે ભોજન કરતી નથી અને કંઈ ખુલાસો કરતી નથી. તો આનું શું કારણ છે? ને હવે શું કરવું? તેનો વિચાર કરો.

ત્યારે શેઠ બોલ્યા—એની સાથે કાંઈ હઠ ન કરવી. એ તો ભોળી અણજાણ લડકી છે, ને અહીં સાસરે તે સંકોચાય છે; જ્યારે તેનો સંકોચ મટશે ત્યારે જરૂર ભોજન કરશે.

આ તરફ મનોવતી તો પોતાના વ્રતમાં દૃઢ છે. ને હૃદયમાં પંચનમસ્કારમંત્રને જપે છે; અન્નનો ત્યાગ કરીને અંતરમાં જિનવરદેવનું રટણ કરે છે. એક દિવસ એમ ને એમ વીતી ગયો ને બીજો દિવસ આવ્યો. સાસુ ફરીને તેની પાસે

આવીને કહેવા લાગી કે—વહુ, ઊઠો! અને ભોજન કરો; હવે આ સંકોચ છોડીને બધાની સાથે જમો.

ત્યારે મનોવતીએ કાંઈ જવાબ ન આપ્યો, અને બીજો દિવસ પણ એમ ને એમ ભોજન વગર વીતી ગયો.

આથી શેઠે વિચાર કરીને બધાને કહ્યું કે આપણે એક ઉપાય કરો.—મનોવતી ભોજન ન કરે તો આપણે સમસ્ત પરિવાર પણ ભોજન છોડી દો, જેથી તરત સાચી વાત જણાઈ જશે.

શેઠજીની આજ્ઞા પ્રમાણે પરિવારમાં બધાએ ભોજન છોડી દીધું, કોઈએ ભોજન ન કર્યું—એ રીતે ત્રીજો દિવસ પણ વીતી ગયો.

આખો પરિવાર એક દિવસ ભોજન વગર રહ્યો, છતાં મનોવતીએ ભોજન ન કર્યું; પરિવાર ઉપર મહા સંકટ આવી પડ્યું. ચોથા દિવસ આવ્યો, ત્યારે મનોવતીના પિતાને આ બાબતના ખબર મોકલ્યા. એ સાંભળતાંવેંત જ હસ્તિનાપુરથી શેઠે પોતાના પુત્રને ખબર કાઢવા મોકલ્યો.

મનોવતીનો ભાઈ આવી પહોંચતા જ શેઠ-શેઠાણીએ તેને કહ્યું કે અમારી વાત સાંભળો; તમારા આદર-સત્કારની વિધિ પછી કરશું, પહેલાં તો તમને એક વાત પૂછી લઈએ : તમારી બહેન અહીં આવી ત્યારથી તેણે ભોજન છોડી દીધું છે, ત્રણ દિવસ વીતી ગયા છતાં તેણે ભોજન લીધું નથી, તો તમારી બહેનના હાલ જાણો અને ભોજન ન કરવાનું કારણ શું છે તે

અમને સમજાવો.

એ સાંભળીને ભાઈ તરત જ પોતાની બહેન પાસે ગયો અને નમ્રતાપૂર્વક પોતાની બહેનને પૂછવા લાગ્યો—બહેની! શા માટે તે મૌન લીધું છે? ને શા માટે ભોજન છોડ્યું છે? લગ્નના આવા આનંદમાં આ સંકટ કેમ ઊભું થયું તે કહે.

ત્યારે મનોવતી પોતાના ભાઈને શું કહે છે?—

(હરિગીત)

सुंदरी तासों तहै बोली, भ्रात अब सुन लीजिये।
जिनदर्शकी मैं ली प्रतिज्ञा, मुनिराज की साक्षी लिये॥
गजमोतीयोंके पुंज लाऊँ, जिनराज आगे जगमगे।
तब करुं भोजन भ्रात मेरे, जासु फल अब डर भगे॥

મનોવતી કહે છે—હે બન્ધુ! તું સાંભળ! મેં મુનિરાજની



સાક્ષીથી જિનદર્શનની પ્રતિજ્ઞા કરી છે કે—ગજમોતી વડે જિનદેવની પૂજા કરું, પ્રભુચરણ—સમીપ ગજમોતી ઝગમગી ઊઠે, ત્યારપછી જ ભોજન કરું—એ જિનદેવની ઉપાસનાથી બધા ભય દૂર થાય છે. પરંતુ હે મારા ભાઈ! અહીં તે ગજમોતી મને દેખાતા નથી, તો હું ભોજન કેમ કરું? આથી મેં મૌન ધારણ કર્યું છે. માટે બીજું કાંઈ બોલ્યા વગર તું જલ્દી મને અહીંથી વિદાય કરાવ ને તારી સાથે પીયરમાં લઈ જા. આ વાતનો ભેદ બહાર પાડીશ નહિ. હસ્તિનાપુર પહોંચીને ગજમોતી વડે જિનપૂજા કરીને હું ભોજન કરીશ; તે માટે કાંઈ ચિંતા નથી.

મનોવતીની એ વાત સાંભળીને તેનો ભાઈ તુરત મહેલની બહાર આવ્યો અને શેઠને કહ્યું : કાંઈ ચિંતા કરવાનું પ્રયોજન નથી; મારી બહેન ભોળી અને અજાણ છે, તે અહીં સંકોચાય છે, માટે તેને જલ્દી મારી સાથે વિદાય કરો; હસ્તિનાપુર આવીને તે ભોજન કરશે.

એ સાંભળીને શેઠે કહ્યું—કુમાર! તમારી એ વાત અમારા માનવામાં આવતી નથી; માટે આ ઘરમાં તેને જે કાંઈ દુઃખ હોય તેનો સાચેસાચો ભેદ મને સમજાવો.

ત્યારે કુંવરે કહ્યું : શેઠજી! સાંભળો. સાચી હકીકત એ છે કે મારી બહેને મુનિવરની સાક્ષીથી દર્શનપ્રતિજ્ઞા લીધી છે કે ગજમોતીના પુંજ ચઢાવીને અર્હંતદેવની પૂજા કરે પછી જ તે ભોજન કરે; અને એ મોતી તો અહીં દેખાતા નથી, એટલે તે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ભોજન કઈ રીતે કરે?

કુંવરની વાત સાંભળતાંવેંત શેઠ મહેલમાં ગયા, ને વહુને પુત્રીસમાન સમજીને, તેની પ્રશંસાપૂર્વક કહેવા લાગ્યા—બેટા! તમારી પ્રતિજ્ઞાની આ વાત મને કેમ ન જણાવી? ને અત્યાર સુધી નકામું દુઃખ શા માટે ભોગવ્યું? આપણા ઘરમાં ગજમોતીનો ક્યાં તૂટો છે!

એમ કહીને તરત જ ભંડારીને બોલાવ્યા ને ભંડાર ખોલાવ્યા. અનેક પ્રકારના મોતીના ઢગલા ત્યાં પડ્યા હતા; તેમાંથી જાતજાતના ગજમોતીના ઢગ બતાવીને શેઠે મનોવતીને કહ્યું—બેટા, અમારા મહાન ભાગ્ય છે કે તારા જેવી જિનભક્ત વહુ અમારા કુળમાં આવી. જો આપણા પુણ્યોદયે આ મોતીના ભંડાર ભર્યા છે. જીંદગીભર વાપરીશ તોપણ તે ખૂટે તેમ નથી. માટે આમાંથી મનમાનતા ગજમોતીનો પુંજ લઈને તું હંમેશા આનંદપૂર્વક જિનેન્દ્રદેવની પૂજા કરજે.

આ વાત સાંભળીને મનોવતીને ઘણો જ આનંદ થયો, રોમરોમ જિનેન્દ્રભક્તિનો ઉલ્લાસ જાગ્યો, ને હર્ષપૂર્વક જિનેન્દ્રદેવના પૂજનની તૈયારી કરવા લાગી—સ્નાન કરી, ઉત્તમ વસ્ત્રો પહેરી, હાથમાં ગજમોતીનો થાળ લઈ ધામધૂમથી જિનમંદિર તરફ ચાલી; ઘરની બધી સ્ત્રીઓ પણ હર્ષપૂર્વક મંગલગીત ગાતી ગાતી તેની સાથે ચાલી—

गजमोती करमें लीने, जिनभवन प्रयाण सु कीने।
जिनदर्श करे अब ताने, मन फूली न अंग समाने॥

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250



જિનમંદિરે જઈને આનંદપૂર્વક ભગવાનની પૂજા કરી—

ગજમુક્તા ચોખે બહુત અનોખે લખ નિરદોખે પુંજ ધરું,
અક્ષયપદ પાઉં ઔર ન ચાહું, કર્મ નશાઉં ચરણ પરું;
શ્રી જિનવર વંદું મન આનંદું, ભવદુઃખદંદુ ચિત્તધારી,
જિન વંદુ કોડં ભવદુઃખ છોડં શિવમુખ જોડં સુખ ભારી.

અહો, પ્રભો જિનેન્દ્રદેવ! આપ સર્વજ્ઞ અને પૂર્ણ સુખરૂપ થયા છો, આપના દર્શનથી અમારો આત્મા પવિત્ર થાય છે, આપના સ્વરૂપને ઓળખતાં અમારા આત્મસ્વરૂપની ઓળખાણ થાય છે. આ રીતે આપ અમારા આત્માના આદર્શરૂપ છો.....ને આપ ધર્મી જીવના ધ્યેયરૂપ છો.

—આમ ઘણી ભક્તિપૂર્વક પ્રભુનાં દર્શન-પૂજન કરીને મનોવતી હર્ષપૂર્વક ઘરે આવી....જિનદર્શનની પ્રતિજ્ઞા આજે ચોથા દિવસે પૂરી થઈ, એટલે ચોથા દિવસે તેણે ભોજન કર્યું. કુટુંબીજનોએ હર્ષપૂર્વક તેને જમાડી, ધીરજપૂર્વક જે ધર્મનું આરાધન કરે છે તેનું જીવન ધન્ય છે.

આ રીતે ગજમોતી વડે જિનપ્રભુની પૂજા કરીને, દર્શનપ્રતિજ્ઞાનું પાલન કરીને, ચોથા દિવસે ભોજન કરીને, સર્વ પરિવારને સંતુષ્ટ કરીને બીજે દિવસે મનોવતી પોતાના ભાઈ સાથે પીયર ગઈ.

મનોવતીના પીયર ગયા પછી પાછળથી અહીં શું બન્યું? તેની કથા હવે સાંભળો.

## ગજમોતીના હાર માટે રાણીની હઠ

મનોવતી તો જિનચરણે ગજમોતીનો ઢગલો ચઢાવીને પીયર ગઈ. તે મોતી જિનમંદિરમાં ઝગમગી રહ્યા છે ત્યાં મંદિરની માલણ બાઈ જિનમંદિરમાં આવી, ને ઝગમગતા મોતીનો ઢગલો જોતાં તે અચંબો પામી : અરે, આવો ધનવાન ને મહાન ભક્તિવંત કોણ આવ્યો કે જેણે જિનમંદિરમાં ગજમોતી ચઢાવ્યા? એમ વિચારીને માલણે તે બધા મોતી લઈ લીધા ને ઘરે આવીને માળીને બતાવ્યા.

આવા કિંમતી મોતી જોઈને માળીએ કહ્યું આ તો બહુ કિમતી ગજમોતી છે, લોકમાં તેની ઘણી પ્રસિદ્ધિ છે; રાજાને ખબર પડશે તો તે આપણી પાસેથી છીનવી લેશે ને ઉલટા આપણે ચોર ગણશે. માટે આ મોતી આપણા ઘરમાં રાખવા ઠીક નથી. માટે હે માલણ! તું એમ કર કે જેથી આપણને કાંઈક ધન મળે. બગીચામાંથી ચંપા-ચમેલીના ઉત્તમ ફૂલ

લાવીને આ ગજમોતી સાથે તેને ગૂંથીને એક સુંદર હારની રચના કર, અને મહારાણીના ડોકમાં તે હાર પહેરાવ, જેથી રાણી પ્રસન્ન થઈને ઈનામ આપશે. બીજા વિચાર છોડીને આ કામ શીઘ્ર કર.

એ વાત સાંભળીને માલણ બગીચામાં ગઈ, ને ચમેલી વગેરેના ફૂલ લાવી તેમાં કળીએ કળીએ ગજમોતી પરોવીને સુંદર હાર તૈયાર કર્યો; તે હાર લઈને રાણીવાસમાં ગઈ. ત્યાં દરવાજે પહોંચતાં તેને વિચાર આવ્યો કે રાજાને બે રાણી છે તેમાંથી કોને આ હાર પહેરાવું?—નાની રાણીને પહેરાવું કે મોટી રાણીને?—નાની રાણીને પહેરાવું—કે જેથી વધુ ઈનામ મળે! આમ વિચારીને તે નાની રાણીના મહેલમાં ગઈ ને તેના કંઠમાં હાર પહેરાવ્યો. રાણી તે હાર દેખીને ઘણી પ્રફુલ્લિત થઈ ને તેને ઘણું ઈનામ આપ્યું. માલણ તે ઈનામ લઈને ઘેર ગઈ.



હવે અહીં જ્યારે માલણે નાની રાણીને હાર પહેરાવ્યો ત્યારે મોટી રાણીના મહેલની દાસી પણ ત્યાં હતી, તેણે તે હાર જોયો, ને મોટી રાણી પાસે જઈને કહેવા લાગી કે મહાદેવી! મહારાજ તમારા ઉપર અપ્રસન્ન થયા લાગે છે, મેં નાની રાણીના મહેલે એ નજરે જોયું; બીજાની તો શી વાત, માલણ જેવી બાઈ પણ તમને નિંદે છે; તે નાની રાણીને ગજમોતીનો હાર આપે છે પણ તમને હાર આપતી નથી. અરે ખેદ છે કે તમારું આવું અપમાન થયું.

દાસીની વાત સાંભળીને મહારાણી મનમાં એકદમ ક્રોધિત થઈ ગઈ, તેણે અન્નજળ છોડી દીધું ને મોઢું પણ ધોયું નહીં. જ્યારે બપોર થઈને મહારાજા ભોજન માટે મહેલમાં આવ્યા ત્યારે દાસીએ હાથ જોડીને કહ્યું કે મહારાજ સાંભળો! મહારાણી નારાજ થયા છે ને તેમણે અન્ન-પાણી છોડી દીધા છે, મુખ પણ ધોયું નથી ને બહુ જ રુદન કરે છે.

એ સાંભળતાં રાજા તરત મહેલમાં પહોંચ્યો ને રાણીને પ્રેમપૂર્વક તેનું કારણ પૂછ્યું. ત્યારે રાણી વિલાપ કરતી બોલી— હે સ્વામીનાથ! આપને નાની રાણી વહાલી છે ને મારો કાંઈ આદર નથી; મહારાજ! બીજાની તો શી વાત, એક માલણ પણ મારો તિરસ્કાર કરે છે. તે ગજમોતી અને ચમેલીના ફૂલથી ગૂંથેલો એક સુંદર હાર લાવી હતી, પણ મારા મહેલની સામે તેણે ન જોયું ને નાની રાણીના મહેલમાં જઈને તેની ડોકમાં તે હાર પહેરાવ્યો. મારું આવું અપમાન થયું તેથી મારા જીવનને

ધિક્કાર છે, હવે મને કાંઈ ગમતું નથી, હવે તો હું મારા પ્રાણ ત્યજીશ.

રાણીની વાત સાંભળીને મહારાજાએ તેને દિલાસો આપ્યો ને કહયું–હે દેવી! તું મનમાં જરા પણ ચિંતા ન કર, ને પ્રસન્ન રહે; તારા માટે પણ હું સુંદર હાર હમણાં જ ઘડાવું છું, એના હારમાં તો માલણે ગજમોતી સાથે ફૂલ ગુંથ્યા હતા, પણ તારા માટે તો હું એકલો ગજમોતીનો ઉત્તમ હાર કરાવીશ.

એ પ્રમાણે રાજાએ દિલાસો આપતાં રાણીનું મન શાંત થયું, અને સ્નાનાદિ કરીને હર્ષપૂર્વક ભોજન કર્યું. રાજા ભોજન કરીને રાજસભામાં પહોંચ્યો.

રાજદરબાર ભરાયો છે. અનેક પ્રધાનો સહિત મોટી સભા બેઠી છે. રાજા પધારતાં સૌ આનંદિત થયા. રાજકારભારનું કામ પુરું થયું એટલે મહારાજાએ જસબલ નામના મંત્રીને બોલાવીને આજ્ઞા કરી કે નગરીમાં જેટલા ઝવેરી હોય તે બધાયને દરબારમાં બોલાવો, કોઈ બાકી ન રહે.

રાજાનો હુકમ સાંભળીને જસબલ મંત્રી તરત નગરમાં ગયો અને ઝવેરીઓની દુકાને જઈને કહ્યું કે—મહારાજા તમને બધાને યાદ કરે છે ને રાજદરબારમાં તેડાવે છે; જરૂરનું કામ છે માટે ઢીલ ન કરો, સૌ રાજદરબારમાં આવો.

એ સાંભળી ઝવેરીઓ મનમાં વિચારવા લાગ્યા કે અચાનક એવું શું કામ પડ્યું કે મહારાજાએ બધા ઝવેરીઓને

બોલાવ્યા! જરૂર કંઈક ખાસ કારણ હશે. માટે આપણે બધાય ઝવેરીઓએ સંપથી એકસરખો જવાબ દેવો; સૌની વતી એક શેઠ જવાબ આપે—એમ નક્કી કર્યું. એ કામ સોમદત્ત શેઠને સોંપ્યું અને સોમદત્ત શેઠની આગેવાનીમાં વલ્લભપુરના બધા ઝવેરીઓ રાજસભામાં આવી પહોંચ્યા.

રાજાએ તેમનું સન્માન કરીને બેસાડયા; પાનસોપારી આપ્યા. થોડીવાર તેમના વેપારધંધાની વાતચીત કરીને પછી રાજાએ હસતાં હસતાં કહ્યું શેઠજી! તમે અમને ગજમોતી મેળવી આપો. ઉત્તમ ગજમોતીનો એક હાર બનાવવો છે. માટે ગમે તે મૂલ્ય લાગે તે લઈને તમે બધા ઝવેરીઓ ગમે ત્યાંથી ગજમોતી લાવી દ્યો.

રાજાએ ગજમોતીની માગણી કરી તે સાંભળીને બધા ઝવેરીઓ ગભરાયા, કેમકે બજારમાં ક્યાંય ગજમોતી મળતા ન હતા. કોઈએ જવાબ આપવાની હિંમત કરી નહીં; અંતે સોમદત શેઠે કહ્યું : મહારાજ! હવે તો ગજમોતી ઉત્પન્ન થતા નથી. રાજાએ ફરીફરીને પૂછ્‌યું ને ગજમોતી કયાંયથી પણ મળે તો મેળવી આપવા કહ્યું, પણ શેઠે તો ચોક્ખી ના જ કહી કે ગજમોતી ક્યાંય મળતા નથી. એ સાંભળીને, જેમ અગ્નિમાં ઘી હોમાય ને ભડકો થાય તેમ રાજાનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. ઝવેરીઓને કહ્યું કે કાંઈ ચિંતા નહીં, દસ-વીસ દિવસમાં કે છ-બાર મહિનામાં ક્યાંયથી ગજમોતી મળે તો તપાસ કરો, તથા સૌ પોતાના ભંડારમાં પણ તપાસ કરો—એમ કહીને ઝવેરીઓને વિદાય કર્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## સોમદત્ત શેઠની ચિંતા; બુધસેનને દેશનિકાલ

સોમદત્ત શેઠ ઘરે આવીને ચિંતામાં પડ્યા, ને વિચારવા લાગ્યા કે અરે, હવે શું થશે? રાજા નારાજ થયા છે, હવે થોડા દિવસ જ જીવશું, આવું શું કારણ બન્યું કે રાજાને ગજમોતીની હઠ લાગી? ઘરમાં ગજમોતી સાચવીને રાજાથી બચવું મુશ્કેલ પડશે. મનોરમા—પુત્રવધૂ અત્યારે તો પીયર ગઈ છે પણ જ્યારે તે પાછી આવશે ત્યારે જિનમંદિરમાં તે ગજમોતી ચઢાવ્યા વગર રહેશે નહિ; અને રાજાને જ્યારે આ વાતની ખબર પડશે કે મારા ઘરમાં ગજમોતી હતા, છતાં મેં ન આપ્યા;—ત્યારે તો તે મારી બધી લક્ષ્મી લૂંટી લેશે. અરે આવી વહુ ઘરમાં ક્યાંથી આવી કે જેને જિનદર્શનની આવી પ્રતિજ્ઞા લીધી?—આવા વિચારથી સોમદત્ત શેઠ મનમાં જિનદર્શનની નિંદા કરવા લાગ્યા. એનાથી એને ઘોર પાપ લાગ્યું. જિનદર્શનની કે દેવ-ગુરુ-ધર્મની નિંદાથી ઘણું પાપ લાગે છે. જગતમાં ગમે તેવી પ્રતિકૂળતા આવી પડે તો પણ દેવ-ગુરુ-ધર્મની આરાધનામાં દૃઢ રહેવું, ગમે તેવી મુશ્કેલી પડે તો પણ દેવ-ગુરુ-ધર્મને ભૂલવા નહિ.

સોમદત્ત શેઠે ગજમોતીના મોહથી જિનદર્શનની નિંદા કરી તેથી ઘણું મોટું પાપ બાંધ્યું. અંતે વિચાર કરીને ઉપાય શોધવા માટે તેણે પોતાના છ પુત્રોને બોલાવ્યા ને તેમને બધી હકીકત જણાવી.


પુત્રોએ કહ્યું : પિતાજી! આ તો ઠીક ન થયું. હવે બીજો

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

તો કોઈ ઉપાય નથી, એક જ ઉપાય છે કે નાના કુંવરને (બુધસેનને) ઘરમાંથી કાઢી મૂકવો; તેની સ્ત્રી શીલવતી છે તેથી તેના વગર તેની સ્ત્રી આ ઘરમાં આવશે નહિ, એટલે આપણા ઘરમાં ગજમોતી છે તે જાહેર થશે નહિ. આ રીતે જ આપણા પ્રાણ બચી શકશે, બીજો કોઈ ઉપાય નથી. મોટા પુત્રની એ વાત સાંભળીને શેઠે કહ્યું—અરે! એ પુત્ર નિર્દોષ, ગુણવાન, જેણે આ ઘરમાં જન્મ ધારણ કર્યો તેને ઘરમાંથી કેમ કાઢી મુકાય?

ત્યારે મોટા પુત્રે કહ્યું : હે પિતાજી! સાંભળો. અત્યારે રાજાની આફતથી બચવાનો બીજો ઉપાય નથી. નાના ભાઈને ઘરમાંથી કાઢી મૂકો અને જો તે લઘુપુત્ર આપને વિશેષ વહાલો હોય તો તેને ઘરમાં રાખો ને અમે છ ભાઈઓ બીજે ચાલ્યા જઈશું. તે હશે તો અમે અહીં રહીશું નહિ.

આ સાંભળીને શેઠ અનેક પ્રકારે રુદન કરવા લાગ્યા....શું કરવું એ તેને સૂઝ્યું નહિ, તેના મોઢામાંથી કાંઈ શબ્દો નીકળી શક્યા નહિ. તેઓ વિચારવા લાગ્યા કે અરે, આ કેવી દૈવગતિ છે! જો નાના પુત્રને ઘરમાંથી કાઢી મૂકું તો જગતમાં મારો અપયશ થાય, અને જો તેને ઘરમાં રાખું તો આ છ પુત્રો ઘરમાં રહે નહિ. આખરે કાગળ હાથમાં લઈ ધ્રુજતા હાથે નાના પુત્ર ઉપર ચિઠ્ઠી લખવા માંડી, પણ હાથ ચાલ્યો નહિ, આંખમાંથી આંસુ વહેવા લાગ્યા ને મનમાં ખૂબ વ્યાકુળ થઈ ગયા.



આ જોઈને મોટા પુત્રે ક્રોધપૂર્વક એ કાગળ પોતાના હાથમાં લઈ લીધો અને તેમાં લખ્યું કે–'હે બુધેશકુમાર! પિતાજીએ તમને હુકમ કર્યો છે કે તમે આ ઘરમાં પગ ન મૂકશો. જો પિતાની આજ્ઞા તોડીને આ ઘરમાં પગ મૂકો તો તમારા જીવનને ધિક્કાર છે.


એ પ્રમાણે કાગળમાં લખીને, તે ચિઠ્ઠી દાસીને આપી અને મહેલના દરવાજે બેસાડીને છએ ભાઈઓ દુકાને ગયા....ને ત્યાંથી નાનાભાઈ–બુધસેનને ઘરે મોકલ્યો.

(રે, સ્વાર્થમય સંસાર!! મોતીના મોહ ખાતર પોતાના સગા ભાઈને કાઢી મુકવા તૈયાર થાય છે!!)

બુધસેનકુમાર વડીલ ભાઈઓના કહેવાથી ઘર તરફ ચાલ્યો; તેને આ વાતના રહસ્યની ખબર નથી. જ્યારે તે મહેલના દરવાજે પહોંચ્યોં કે તુરન્ત દાસીએ તેને ચિઠ્ઠી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦





બતાવીને કહ્યું : કુંવરજી! પહેલાં આ ચિઠ્ઠી વાંચો, પછી મહેલમાં પ્રવેશ કરો....એ પિતાજીની આજ્ઞા છે.

કુંવરે એ ચિઠ્ઠી વાંચી, ને એમાં પોતાને દેશનિકાલની આજ્ઞા વાંચીને વિચારમાં પડી ગયો—અરે, આ શું! જો હું પિતાજીની આજ્ઞા ન પાળું તો મારા જીવનને ધિક્કાર છે. આમ વિચારી એ નાનો બાળ તુરત ત્યાંથી પાછો વળ્યો ને નગર બહાર ચાલ્યો ગયો. ત્યાં જઈને પ્રથમ તો પંચપરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ કરીને, સંસારનું સ્વરૂપ ચિંતવવા લાગ્યો કે અરે, આ જગતમાં લક્ષ્મીના મોહને ધિક્કાર છે! મારા છ ભાઈઓ કમાઉ છે ને મને લક્ષ્મીનો ભાગ આપવો પડે તેથી દેશનિકાલ કર્યો છે. અરે, સંસાર કેવો સ્વાર્થમય છે!! હવે હું પરદેશ જઈને ધન કમાઈ લાવું ને સુખથી રહું. આ પ્રમાણે વિચાર કરતાં કુંવરને પોતાની સ્ત્રી યાદ આવી; એ શીલવતી સ્ત્રી ધર્મના ઉત્તમ સંસ્કારવાળી છે, જો મને ઘરમાંથી કાઢી મૂક્યાની વાત તે સાંભળશે ને મને ક્યાંય નહીં દેખે તો જરૂર તેના પ્રાણ છૂટી જશે. માટે પહેલા હસ્તિનાપુર જઈને તેને બધો હાલ જણાવી દઉં અને પછી પરદેશ જાઉં. આમ નક્કી કરીને કુંવર હસ્તિનાપુર તરફ ચાલ્યો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250



નાનો કુંવર એકલો હસ્તિનાપુરના પંથે ચાલ્યો જાય છે; તાપથી એનું સુકોમળ મુખ કરમાઈ રહ્યું છે, ઝાડવે-ઝાડવે એ થાક ખાતો જાય છે; રંગમહેલમાં સૂનારો ને હાથી પર સવારી કરનારો કુમાર આજે એકલો પૈદલ ચાલ્યો જાય છે...દેખો કર્મની ગતિ!! એને કોણ મટાડી શકે!!

## હસ્તિનાપુરમાં

ચાલતાં ચાલતાં કુમાર થોડા દિવસે હસ્તિનાપુર પહોંચ્યો, અને ત્યાં સસરાના બગીચામાં જઈને વિશ્રામ કરવા લાગ્યો. સૂતાંસૂતાં કુંવરના મનમાં વિચાર આવે છે કે—થોડા જ દિવસ પહેલાં જ્યારે હું વિવાહ માટે અહીં આવ્યો ત્યારે મારી સાથે અનેક ઠાઠમાઠ, સેંકડો વાજાં ને નિશાનડંકા હતાં; અને અત્યારે હું આ રીતે એકલો, વગર તેડાવ્યો જાઉં તો મારા કુટુંબની હાંસી થશે.—માટે થોડો વિશ્રામ કરીને હું અહીંથી પાછો ચાલ્યો જઈશ. આ રીતે વિચારીને, પ્રવાસનો થાકેલો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



બુધસેનકુમાર તે બગીચામાં સૂઈ ગયો....અતિશય થાકને લીધે તેને ઊંઘ આવી ગઈ.

બગીચામાં સૂતેલા તે બુધસેન ઉપર દૃષ્ટિ પડતાં માલણે તરત માળી પાસે જઈને કહ્યું કે બગીચામાં આપણા શેઠના જમાઈ આવ્યા છે ને સૂતા છે. માળીએ તરત શેઠ પાસે જઈને એ સમાચાર કહ્યા.

ત્યારે શેઠે વિચાર્યું કે, એવું તે શું બન્યું હશે કે કોટ્યાધિપતિનો આ પુત્ર વગર બોલાવ્યે અહીં સાસરે આવ્યો! શું ચોર એનું ધન ચોરી ગયા હશે? કે શું રાજાએ એને લૂંટી લીધો હશે? એ વખતે પાસે બેઠેલા બીજા ઝવેરીઓએ કહ્યું— શેઠજી! લક્ષ્મી તો અત્યંત ચંચળ છે, એનો કાંઈ વિશ્વાસ કરવા જેવો નથી; મનુષ્ય ક્ષણમાં રંક બની જાય છે; કર્મોદયવશ આજનો રાજા કાલે ઘર ઘર ભીખ માંગે છે. માટે અહીં આવેલા જમાઈને આદરસહિત ઘરે તેડી લાવો અને એને કંઈક ધન આપો જેથી તે વેપાર કરે.

એ સાંભળીને શેઠ બગીચામાં પહોંચ્યા. કુંવરને કંઈ ખબર નથી, એ તો ઊંઘે છે. શેઠે તેને ઢંઢોળીને જગાડ્યો ને રથમાં બેસાડીને મહેલમાં લઈ ગયા. ત્યાં અનેક પ્રકારે આદરપૂર્વક તેને ભાતભાતના ભોજન જમાડ્યા તથા ઘરની સ્ત્રીઓને ભલામણ કરી કે તમે એને કાંઈ પૂછશો નહિ, એને અપમાન લાગે એવી કોઈ વાત કરશો નહિ.

—પરંતુ સ્ત્રીઓની જાત તો અત્યંત ચંચળ હોય, એ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ઘૂસપુસ કર્યા વગર રહી શકે નહિ. એક સ્ત્રીએ બીજીને કહ્યું–હે સખી! આ કુમાર તેડાવ્યા વગર સાસરે કેમ આવ્યા છે–તેની તપાસ કર. ત્યારે તે ચતુર સ્ત્રીએ કહ્યું કે જો આપણે કુંવરને કાંઈ પૂછશું તો શેઠ અતિ ક્રોધિત થશે માટે એક યુક્તિ કરો–મનોવતી સુંદરીને એની સાથે મેળાપ કરાવી દો એટલે એ બધી વાત જાણી લેશે; એના મોઢે કુંવર બધી સાચી વાત કહી દેશે; અને શેઠને ખબર પડે તોપણ કાંઈ વાંધો નહિ આવે.

રાત્રે કુંવર બુધસેન તથા મનોવતી એ બંને મળ્યા, ત્યારે સુંદરીએ પ્રેમપૂર્વક અહીં આવવાનું કારણ પૂછ્યું. ત્યારે કુંવરે કહ્યું કે છ ભાઈઓ કમાય છે ને હું કમાતો નથી તેથી મને ઘરમાંથી રજા આપી દીધી છે; હવે હું પરદેશ કમાવા જાઉં છું તેથી તને ખબર આપવા માટે આવ્યો છું. હે દેવી! તું ચિંતા કરીશ નહિ. થોડા જ દિવસમાં હું પાછો આવી જઈશ.

ત્યારે સુંદરીએ કહ્યું : હે સ્વામીનાથ! મારી વિનતી સાંભળો. તમે રંગમહેલમાં રહેનારા ને સુકોમળ શૈયામાં સૂનારા, તડકો દેખતા પણ વદન કરમાઈ જાય એવું કોમળ તમારું શરીર, તમે કઈ રીતે પરદેશ ખેડી શકશો? માટે આપ હસ્તિનાપુરમાં જ રહો અને પિતાજી પાસેથી ધન લઈને વેપાર કરો.

ત્યારે કુમારે કહ્યું : હે દેવી! જે જમાઈ સસરાનેત્યાં રહે તેના કુળની શોભા નથી, તે પ્રતિષ્ઠા ગુમાવે છે. માટે હું અહીં હસ્તિનાપુરમાં નહીં રહું, પરદેશ જઈશ. મનોવતીએ ફરીફરી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઘણી વિનંતી કરી પણ કુંવર પોતાના નિશ્ચયમાં અડગ રહ્યો. ત્યારે છેવટે મનોવતીએ કહ્યું : હે પ્રિય! મારી એક વાત સાંભળો : આપ પરદેશ જાઓ ત્યાં મને પણ સાથે લઈ જાઓ.

કુંવર :—સ્ત્રીને પરદેશમાં લઈ જવું યોગ્ય નથી, માટે તું અહીં જ રહે.

મનોવતી :- એ વાત બનવાની નથી; કાં તો મને સાથે લઈ જાઓ, કાં તો તમે અહીં રહી જાઓ.

કુંવર :—દેવી! તું જરા પણ ચિંતા કર્યા વગર થોડો વખત પિયરમાં સુખેથી રહે. હું પરદેશથી ધન કમાઈને તુરત પાછો આવીશ.

મનોવતી—સ્વામી! પતિવ્રતા સ્ત્રી હંમેશા પતિના સુખે જ સુખી હોય છે. દુ:ખમાં પણ તે પતિનો સાથ છોડતી નથી. તમે પરદેશમાં અનેક કષ્ટ ભોગવો ને હું અહીં મહેલમાં સુખચેનથી પડી રહું—તો તો મારા જીવનને ધિક્કાર છે. માટે ઝાઝું શું કહેવું? મને સાથે લઈ જ જાઓ.

કુંવર—તું ચોક્કસ સમજ કે એ વાત બનવાની નથી.

મનોવતી—હે સ્વામી! સાંભળો, જો મને સાથે લીધા વગર આપ અહીંથી પગલું ભરશો તો ચોક્કસ મારા પ્રાણ છૂટી જશે.

કુંવરે જાણ્યું કે આ કોઈ રીતે અહીં રહેવાની નથી; જો હઠપૂર્વક હું એને છોડી જઈશ તો ફરીને એનું મિલન તો થઈ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શકશે નહિ. તેથી છેવટે કહ્યું કે જો સાથે આવવું હોય તો મારી એક વાત માનવી પડશે. જો આ ઘરેણા સહિત તને લઈ જાઉં તો લોકો કહેશે કે ઠગવા માટે આવ્યો હતો. માટે તારા દેહ ઉપર જેટલા દાગીના છે તે બધા ઉતારીને પલંગ પર મૂકી દે, ને પછી મારી સાથે ચાલ.

મનોવતીએ સંકોચ વગર બધા ઘરેણાં ઉતારીને પલંગ પર નાખ્યા. કંકણ કાઢ્યા ને કંદોરા કાઢ્યા ને કુંડલ કાઢ્યા, ડોકમાં ગજમોતીનો કિંમતી હાર હતો તે પણ કાઢી નાખ્યો. એ રીતે બધું છોડીને પતિ સાથે જવા તૈયાર થઈ ગઈ.

અડધી રાત્રે દરવાજા ખોલીને બંને નીકળ્યા. દેખો, કર્મની વિચિત્રતા! એના સંયોગને કોણ ફેરવે? મોટા મહેલમાં રહેનારી ને કોમળ શય્યામાં સૂનારી ફૂલ જેવી કોમળ કુંવરી પગે ચાલતી ધોમ તડકામાં પતિ પાછળ જઈ રહી છે. તડકાની ગરમીથી એનું શરીર કરમાઈ રહ્યું છે. એ પતિવ્રતા નારીને



ધન્ય છે કે જેણે પતિને ખાતર બધી સુખ-સામગ્રી છોડીને પતિ સાથે ચાલી નીકળી. દિવસ કે રાતને ગણકાર્યા વગર બંને પરદેશના પંથે ચાલ્યા જાય છે. ચાર દિવસે તેઓ રત્નપુર પહોંચ્યા.

सो चार दिना लों जानें, भोजन सु करो न वाने।
जिनदर्श कहाँ है ताको, गजमोती कहाँ है याको॥
भर्ता जतलाय न नारी, ली दर्श-प्रतिज्ञा भारी।
जा धन्य जन्म अवतारी, धन्य धीरजवंती नारी॥

## દર્શનપ્રતિજ્ઞાની કસોટી અને દઢતા

ચાર દિવસથી મનોવતીએ કાંઈ ખાધું નથી, અહીં જિનદર્શન ક્યાંથી કરે ને ગજમોતી ક્યાંથી લાવે? આ રીતે, જિનેન્દ્રદેવના દર્શનની જે ઉત્તમ પ્રતિજ્ઞા લીધી છે તેનું પાલન મનોવતી દઢતાપૂર્વક કરે છે; ચારદિવસ થવા છતાં પતિને તેની ખબર પડવા દીધી નથી. અહા, એની ધીરજ અને એની દઢતાને ધન્ય છે.

રત્નપુરના બાગમાં આવીને બંને બેઠા છે, પરંતુ તેમની પાસે ધન તો કાંઈ છે નહિ, માત્ર જિનવર—ભગવાનનું નામ જ સહાયરૂપ છે—

नगर रत्नपुर बाग में, सो बैठे अब जाय।
गाँठ कछू जाके नहीं, जिनवर नाम सहाय॥

ચાર દિવસ થવા છતાં એને ખેદ નથી, કંટાળો નથી,

હૃદયમાં જિનવરદેવનો મહિમા ચિંતવી-ચિંતવીને ધર્મભાવનાને પુષ્ટ કરે છે. એકવાર બગીચામાં મનોવતીના પોતાના કેશ સરખા કરતી હતી ત્યાં તેમાંથી એક ઉત્તમ નંગ નીકળી આવ્યું; તે લઈને તેણે પતિને આપતાં કહ્યું : સ્વામી! ઉતાવળમાં આ નંગ બાકી રહી ગયું તે લઈને તમે નગરીમાં જાઓ અને વેચીને તુરત ભોજનસામગ્રી લઈ આવો. તે પ્રમાણે બુધસેનકુમાર નંગ વેચીને ભોજનસામગ્રી લઈ આવ્યો; મનોવતીએ મિષ્ટ ભોજન તૈયાર કરીને પતિને જમાડ્યો, પણ પોતે ખાધું નહીં. પતિએ તેને જમવાનું કહ્યું, તો તેને સમજાવી ઉદ્યમ–ધંધા માટે ગામમાં મોકલી દીધો ને પાછળથી વધેલી રસોઈ યાચકજનોને આપી દીધી, ને બગીચામાં બેઠી બેઠી શાંતિથી જિનેન્દ્ર ભગવાનનું ચિંતન કરવા લાગી—

> कहांसु जिनदर्शन मिले, कहां गजमोती सार।
> कैसे भोजन वह करे, धर्मधुरन्धर नार॥

અહીં ક્યાં એને જિનદર્શન મળે ને ક્યાંથી ગજમોતી મળે? એના વગર એ ધર્મધુરંધર નારી ભોજન કેમ કરે?

મનોવતી રોજ પતિને જમાડે છે પણ પોતે ભોજન કરતી નથી. એ રીતે ભોજન વગર બીજા ત્રણ દિવસ વીતી ગયા. ચાર દિવસ રસ્તામાં થયા ને ત્રણ દિવસ અહીં થયા,—સાત દિવસથી ભોજન વગર પ્રાણ સુકાવા લાગ્યા પણ એણે પોતાની પ્રતિજ્ઞા ન છોડી. પ્રાણ જાય તો કબૂલ, પણ તે પોતાની ધીરજ છોડતી નથી, પ્રતિજ્ઞા તોડતી નથી, દૃઢતાથી પ્રતિજ્ઞાનું

પાલન કરે છે. અહીં કથાકાર કવિ એને ધન્યવાદ આપતાં કહે છે કે—

धन्य जन्म ताको अवतार, धन्य प्रतिज्ञा पालनहार।
वह तो कहा यहां ही रही, आगे और सुनो जो भई॥

હવે કથા અહીંથી સ્વર્ગલોકમાં જાય છે, ત્યાં શું બને છે તે જુઓ.

પહેલા સ્વર્ગમાં સૌધર્મ ઈન્દ્ર બિરાજે છે, તેની અનુપમ સભા ભરાણી છે, બધા દેવો બેઠા છે ને ધર્મગોષ્ઠી કરે છે. ત્યાં ઈન્દ્ર મહારાજે પોતાના અવધિજ્ઞાનમાં પૃથ્વી પર બની રહેલી ઉપરની ઘટના જાણી; અને દેવોને સંબોધીને કહ્યું કે—હે દેવો! મારી વાત સાંભળો : મધ્યલોકમાં જૈનધર્મની પરમ ભક્ત એક નારી છે, તેણે જિનદર્શનની એવી પ્રતિજ્ઞા લીધી છે કે ગજમોતી વડે જિનેન્દ્રભગવાનને પૂજીને પછી જ ભોજન કરવું—

इक तिया जु है भूलोक मांहि, अति जैन धुरंधर सो सुनांहि।
जो दर्श-प्रतिज्ञा लई बाल, मुनिराज सीख दीनी जु दाल॥
गजमोती चढावे जबै लाय, तब वह भोजन करि है बनाव।
ताके पूरव विधि उदय आय, ताको पति घरतें दियो काढ॥

પણ કોઈ પૂર્વકર્મના ઉદયથી તેના પતિને ઘરમાંથી કાઢી મૂક્યો છે; તે હસ્તિનાપુર ગયો ને ત્યાંથી રત્નપુર ગયો છે, તેની પતિવ્રતા નારીએ પણ તેનો સંગ છોડ્યો નથી; તેઓ બંને

અત્યારે રત્નપુરના બાગમાં બેઠા છે, તેમની પાસે કાંઈ સાધન નથી. એની પાસે ગજમોતી ક્યાં છે કે જે લઈને ભગવાનના દર્શન કરે! એણે અન્નગ્રહણ કર્યા વગર આજ સાત દિવસ વીત્યા. એના ભરતારને તો ખબર પણ નથી કે મનોવતી ભોજન કરે છે યા નહીં? એ નારીનો પ્રાણ કંઠે આવી ગયો છે તો પણ ધીરજ છોડતી નથી. પ્રતિજ્ઞાથી ડગતી નથી; પ્રાણ જાય તો ભલે જાય પણ જિનદર્શનની ઉત્તમ પ્રતિજ્ઞાને તે છોડતી નથી. જો આમ ને આમ એના પ્રાણ છૂટી જશે તો લોકોને ધર્મની શ્રદ્ધા ઓછી થઈ જશે ને ફરીને કોઈ પ્રતિજ્ઞા નહીં કરે; માટે જિનધર્મની પ્રભાવના વધે એવો પ્રયત્ન આપણે કરવો જોઈએ—એ પ્રમાણે ઈન્દ્રે કહ્યું. પછી એક દેવને બોલાવીને હરિએ તેને હુકમ કર્યો કે તમે તુરત મધ્યલોકમાં જઈને એને જિનદેવના દર્શન કરાવો, ને એની પ્રતિજ્ઞા પૂરી કરો. મધ્યલોકમાં જ્યાં તે બિરાજે છે ત્યાં એક ઉત્તમ જિનમંદિર રચો ને તેમાં રત્નમય જિનબિમ્બ સ્થાપો, તથા તેની પૂજા માટે મનોવતીને ગજમોતી આપો.

ઈન્દ્રની આજ્ઞા અનુસાર તે દેવ એક ક્ષણનોય વિલંબ વગર રત્નપુરના બગીચામાં આવી પહોંચ્યો અને જ્યાં મનોવતી બેઠી હતી ત્યાં પૃથ્વી ફાડીને વિક્રિયા વડે એક અત્યંત ભવ્ય જિનાલય રચ્યું અને ઝગઝગાટ કરતું રત્નમય જિનબિંબ તેમાં સ્થાપ્યું. અહા! એ દૈવી શોભાની શી વાત!! બાજુમાં ગજમોતીની ઢગલી શોભતી હતી—એ પ્રમાણે જિનમંદિરના ઠાઠની રચના કરી, તેના પર એક શિલાનું ઢાંકણ રાખ્યું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મનોવતીનો પગ તે ઢાંકણશિલા સાથે અથડાયો, અને હાથ વડે શિલા દૂર કરી ત્યાં તો તેણે ઝગમગતા દીવા જેવું જિનમંદિર દેખ્યું.....આવું અદ્‌ભુત જિનમંદિર દેખતાં તેને અપાર આનંદ થયો....જાણે નવનિધાન આવ્યા હોય!

**जिनराज भवन देखो जु सार, मनमें आनंद भयो अपार।**
**कैसे अब मनमें दिसो सोय, नवनिधि पुन आय होय॥**

અહા, પુણ્યયોગ એક ક્ષણમાં કેવો પલટો કરી નાખે છે! પૃથ્વીમાં જિનમંદિર દેખતાં જ આશ્ચર્યપૂર્વક તે તેમાં ધસી ગઈ; અંદર જઈને વિચારવા લાગી કે તનશુદ્ધિ માટે પાણી ક્યા હશે! ત્યાં તો બાજુમાં સ્વચ્છ પાણીથી ભરેલો કંચન કળશ જોયો. તેના વડે સ્નાન કરી અત્યંત ભક્તપૂર્વક જિનેન્દ્રભગવાનના દર્શન કરવા ચાલી...આજે તેના ઊમંગનો પાર નથી....ત્યાં તેને ભાવના જાગી કે અરે, ગજમોતી હોય તો તેના વડે ભગવાનની પૂજા કરું. ત્યાં તો જમણી બાજુ નજર કરતાં ઝગમગ થતા ગજમોતીનો પુંજ દેખ્યો. ગજમોતી હાથમાં લઈને આનંદપૂર્વક તેણે જિનભગવાનની પૂજા કરી—

ગજમુક્તા ચોખે બહુત અનોખે, લખ નિરદોખે પુંજ ધરું,
જિનપૂજ રચાઉં, હર્ષ બઢાઉં, મંગલ ગાઉં, ભક્તિ કરું.

મનવચનકાયાની શુદ્ધિપૂર્વક ઘણા ભાવથી પૂજન કર્યું; જિનચંદ્રના દર્શનવડે એનું હૃદયકમળ ખીલી ઊઠ્યું, ને અનેક પ્રકારે સ્તુતિ કરવા લાગી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तुम धन्य जिनेश्वर देव सार, तुमरे दर्शन मो मिला सार।
भवभव मांगू मैं जो यही, जिनराजदर्शन मिलवें सही।।



પ્રભો! આ જગતમાં એક આપનું જ શરણ છે; ભવોભવમાં સદાય મને આપનું દર્શન મળ્યા કરો. આ પ્રમાણે પ્રાર્થના કરીને જ્યાં તે મંદિર બહાર પગ મૂકે છે ત્યાં તો તેના પગ પાસે ઉત્તમ મોતીની જોડી દેખી. નર-માદાના યુગલ મોતી તેના માટે દેવે રાખ્યા હતા. એ દેવનિર્મિત રત્નો લઈને મનોવતી જિનભવનની ઉપર આવીને બગીચામાં બેઠેલા પોતાના પતિને કહ્યું : સ્વામિનાથ! મને ક્ષુધા લાગી છે માટે નગરીમાં જઈને સામગ્રી લાવો. કુમાર સામગ્રી લાવ્યો ને રસોઈ બનાવીને આજે આઠમા દિવસે મનોવતીએ પારણું કર્યું—

अष्टम दिन भोजन करो सोई, जिनदर्श सुफल लीनों सु जोइ।
ता धन्य जन्म अवतार सोय, जा सम तिय नाही और कोय।
देखो दर्शन फल अबै सार, कैसे सत्क्षण फल मिलो लार।
तातैं नरनारि सुनो जु सोय, जिनदर्श प्रतिज्ञा करो लोय।।

આ રીતે મનોવતીને જિનદર્શનનું ઉત્તમ ફળ મળ્યું. જિનદર્શનનો અદ્‌ભુત મહિમા જાણીને દરેક નરનારીએ નિત્ય જિનેન્દ્ર ભગવાનના દર્શન કરવા જોઈએ.

અહીં મનોવતી રોજ-રોજ આનંદપૂર્વક જિનદેવના દર્શન-પૂજન કરે છે. વાચક! એ મનોવતી પૂજા કરે ત્યાં આપણે જરા હસ્તિનાપુર જઈ આવીએ.

હસ્તિનાપુર નગરીમાં સવાર પડતાં શેઠનો બધો પરિવાર જાગ્યો; પણ પુત્રી-જમાઈ દેખાયા નહિ. તેના રૂમમાં જઈને તપાસ કરી તો પલંગ પર ઘરેણાં ઉતારેલા દેખ્યા, પણ પુત્રી કે જમાઈને ન દેખ્યા, આથી આખા પરિવારમાં કોલાહલ મચી ગયો; માતા રુદન કરવા લાગી. ત્યારે શેઠે વિચાર કરીને સૌને ધૈર્ય આપતાં કહ્યું કે ચોક્કસ કોઈએ કુંવરને અપમાન લાગે તેવું કહ્યું હશે, તેથી પુત્રી સહિત તે અહીંથી ચાલ્યા ગયા છે. આપણે ચારેકોર માણસો મોકલીને તેમની શોધ કરાવશું. આ પ્રમાણે પુત્રી-જમાઈ એકાએક ચાલ્યા જવાથી પરિવારમાં ઉદાસીનતા થઈ ગઈ છે.

## રત્ન ગુમ !!! રાજકુમારી સાથે વિવાહ

હાં આપણી કથા પાછી રત્નપુર આવે છે. રત્નપુરના બગીચામાં મનોવતી પોતાના પતિને કહે છે કે હે નાથ! ચાર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



દિવસથી તને રોજ નગરીમાં જાવ છો પણ કાંઈ ઉદ્યમ–ધંધો કરતા નથી, તો તેનું શું કારણ છે તે કહો.

ત્યારે કુંવરે કહ્યું–દેવી! જ્યાં મારા અશુભકર્મનો ઉદય હોય ત્યાં કોણ સહાય કરે? નગરમાં કોઈ એમ નથી કહેતું કે અમારી પાસેથી આટલું ઘન લઈને તમે વેપાર કરો. જો મારા શુભનો ઉદય હોત તો પિતાજી મને ઘરમાંથી કેમ કાઢી મૂકત? અત્યારે ઉદય એવો છે, માટે ધૈર્ય રાખવું.

ત્યારે મનોવતીએ કહ્યું–મેં હસ્તિનાપુરમાં જ રહેવા ઘણું કહ્યું પણ આપે માન્યું નહીં, ને ભાગ્યના ભરોંસે અહીં આવ્યા; હું જાણું છું કે તમારાથી કંઈ મહેનત થઈ શકે તેવું નથી પણ હવે આપ મનમાંથી બધી ચિંતા છોડીને હું કહું તેમ કરો. આમ કહીને નર-માદાની જોડીના જે દૈવી રત્નો હતા તેમાંથી એક આપ્યું અને કહ્યું કે તમે રાજદરબારમાં જઈને આ રત્ન રાજાને ભેટ ધરો. આ રત્ન દૈવી છે, અને આપણી પાસે જે બે રત્ન છે તેમાં આ 'નર રત્ન' છે, ને બીજું માદા-રત્ન આપણી પાસે રાખ્યું છે. આ રત્નનો એવો જ સ્વભાવ છે કે મધરાતે વિખુટા ન રહે; મધરાત થતાં આ રત્ન ગમે ત્યાં હોય ત્યાંથી ઊડીને બીજા રત્ન પાસે પહોંચી જાય. તમે આ નર-રત્ન લઈ જઈને રાજાને ભેટ આપો ને પછી શું બને છે તે જુઓ, રાજદરબારમાં જતાં દરવાન તમને રોકે તેને એક દિનાર (ચાંદીનો સિક્કો) આપજો.

કુંવરજી તો રત્ન લઈને રાજદરબાર તરફ ચાલ્યા; વચ્ચે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

દરવાનને દિનાર આપી, ને રાજા પાસે જઈને બહુમાનપૂર્વક અમૂલ્ય રત્ન ભેટ ધર્યું. આ દૈવી રત્ન જોઈને રાજા બહુ પ્રસન્ન થયો ને તેનો ઘણો આદર-સત્કાર કરીને કહ્યું કે જગતમાં તે ઝવેરી ધન્ય છે કે જે આવા કિંમતી રત્નો લાવે છે!

પછી રાજાએ કુમારને પૂછ્યું—તમે ક્યાં ઊતર્યા છો?

કુંવર કહે—નગર બહાર બગીચામાં રહ્યા છીએ.

રાજાએ તરત હુકમ કર્યો કે તમે નગરીમાં આવીને રહો. તેમને માટે એક ખાસ હવેલી આપી. કુમારે રાજદરબારમાંથી આવીને મનોવતીને બધી વાત કરી. આ બાજુ રાજાએ ભંડારીને બોલાવી કિંમતી રત્ન તેને સોંપ્યું ન એ બરાબર હોશિયારીથી સાચવવા કહ્યું. ભંડારીએ તેમ મોતી સુંદર ડબામાં રાખી ભંડારમાં મૂક્યું ને મજબૂત તાળા લગાવ્યા.


પણ.....

જ્યાં મધરાત થઈ, ત્યાં તો એ....ને મોતી ડબામાંથી ઊડ્યું! ને મનોવતી પાસે જે બીજું મોતી હતું તેની સાથે જઈને રહયું. સવાર થઈ ત્યાં તો એ મોતી લઈને મનોરમાએ ફરી કુંવરને આપ્યું ને રાજદરબારમાં જઈને ભેટ આપવા કહ્યું. કુંવરજી તો એ મોતી લઈને ફરી રાજદરબારમાં ચાલ્યા; હવે તેને રોકનાર કોઈ ન હતું. રાજા પાસે જઈને મોતી ભેટ આપ્યું. પહેલાંના જેવું જ ઉત્તમ મોતી જોઈને રાજા પ્રસન્ન થયો. ને કહ્યું વાહ! મોતીની સુંદર જોડી મળી ગઈ. આમ કહીને, પહેલાંના મોતી સાથે આ મોતી સરખાવવા માટે ભંડારી પાસે

તે મોતી મંગાવ્યું. ભંડારીએ ખજાનામાં જઈને જોયું તો મોતી ત્યાં હતું નહીં; અરે, મોતી ગુમ!! ખૂબ સાવચેતીથી ચોકીપહેરા વચ્ચે રાખેલ છતાં મોતી ગુમ થયું—તેથી ભંડારી ગભરાઈ ગયો, તેનું મોઢું ઉતરી ગયું ને ભયથી તે થરથર કંપવા લાગ્યો. રાજસભામાં આવીને કહ્યું—મહારાજ! કોઈ ચોર મહેલમાં આવીને એ મોતી ચોરી ગયો છે.

રાજાને એની વાત ઉપર વિશ્વાસ ન આવ્યો; કેમકે સજજડ ચોકી-પહેરા વચ્ચે રાજમહેલમાં આવીને કોઈ મોતી ચોરી શકે એ અશક્ય હતું. તેથી રાજાએ કહ્યું : ભંડારીજી! બીજો તો કોઈ ચોર મહેલમાં આવ્યો નથી, પણ એ મહા કિંમતી મોતી તમે જ ચોર્યું છે—આમ કહીને ભંડારીને શૂળી ઉપર ચડાવી દેવાનો હુકમ કર્યો.

તરત કુંવરે કહ્યું—મહારાજ! એની ભૂલચૂક ક્ષમા કરો; હું આપને એની જોડીનું બીજું મોતી લાવી આપીશ. આ રીતે ભંડારીની રક્ષા કરી, તેથી આખી સભા કુંવરને ધન્ય ધન્ય કહેવા લાગી. કુંવરે ઘરે આવીને મનોવતીને બધી વાત કરી ને બીજું મોતી આપવા કહ્યું. પણ મનોવતી કહે કે કાલે એનો ઉપાય કરીશું.



શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આ બાજુ રાજાએ તે મોતી ફરી ભંડારીને આપ્યું ને ખૂબ હોંશયારીપૂર્વક સાચવવા કહ્યું. ભંડારીએ ડબામાં મૂકી, તાળુ દઈ, બરાબર પહેરા ગોઠવ્યા, પણ જ્યાં મધરાત થઈ ત્યાં તો પહેલાંની જેમ સડસડાટ કરતું તે મોતી ઉડ્યું....ને સુંદરી પાસે રહેલા બીજા મોતીની પાસે આવી ગયું.

સવાર પડી....ભક્તિભાવથી જિનેન્દ્રભગવાનના દર્શન-પૂજન કર્યા. પછી બુધસેનકુમાર રાજદરબારમાં જવા તૈયાર થયો ત્યારે મનોવતીએ નર અને માદા બંને મોતીની જોડી તેને આપી અને તેનું રહસ્ય સમજાવ્યું. કુંવરે રાજદરબારમાં જઈને પ્રથમ એક મોતી રાજાને ભેટ આપ્યું. કાલના મોતીની જોડનું બીજું મોતી મળી ગયું—એમ સમજીને રાજા ઘણો પ્રસન્ન થયો, ને પહેલાંનું મોતી તરત લાવવા ભંડારીને હુકમ કર્યો. ભંડારીએ જઈને ડબામાં જોયું તો મોતી ગુમ! અરર! ભંડારી તો થરથર ધ્રુજવા લાગ્યો કે જરૂર હવે મારા પ્રાણ જશે. રાજા પાસે આવીને કહ્યું : મહારાજ! આજે પણ કોઈ ચોર આવીને તે મોતી ચોરી ગયો છે!

રાજા તો એ સાંભળતાં જ એકદમ ક્રોધિત થઈ ગયો. આટલો સખત ચોકી પહેરો છતાં મોતી કોણ ચોરી જાય? નક્કી ભંડારીનું જ કામ લાગે છે—એમ સમજી રાજાએ તેનું બધું ધન લૂંટી લઈ શૂળી પર ચડાવી દેવાનો (એટલે કે ફાંસીનો) હુકમ કર્યો.

ત્યારે કુંવરે કહ્યું—મહારાજ સાંભળો, આમાં ભંડારીની

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કાંઈ ભૂલ નથી. હું આપને આનું રહસ્ય કહું છું. આ બે મોતીમાં એક નર છે, બીજું માદા છે. આ બંને રત્નો દેવમય છે, તેમનો સ્વભાવ એવો છે કે એકબીજાથી હજારો ગાઉ દૂર હોય તો પણ મધરાતે ઊડીને નરરત્ન માદા પાસે પહોંચી જાય. આ કારણે રાજભંડારમાંથી ઊડીને આ રત્ન અમારી પાસેના માદારત્ન પાસે આવી જતું હતું. પરંતુ હવે આ બંને રત્નો આપ સાથે રાથો, જેથી તે આપના ભંડારમાં રહેશે. આટલું કહીને કુંવરે બંને રત્નો રાજાને અર્પણ કર્યા.

દૈવી રત્નોનું આ રહસ્ય જાણીને રાજા ઘણો પ્રસન્ન થયો, અને મનમાં વિચારવા લાગ્યો કે આ કુંવરને હું શું ઈનામ આપું? લક્ષ્મી વડે તો આ મોતીનાં મૂલ્ય થાય તેમ નથી; આ કુમાર સદ્‌ગુણી છે, માટે મારી પુત્રીને એની સાથે પરણાવું– આમ વિચારી રાજાએ પ્રીતિપૂર્વક કુંવરને એ વાત કરી. તરત પંડિતને બોલાવ્યા ને કુંવરના ચાંદલા કર્યા.

બુધસેનકુમાર ઘરે આવીને મનોવતીને એ વાત કરી. ત્યારે સુંદરીએ કહ્યું : સ્વામીનાથ! તમે રાજજમાઈ થયા એ તો સારું, પણ મને વિસરી ન જશો. કુંવરે કહ્યું–દેવી! આ બધો તારી દર્શનપ્રતિજ્ઞાનો પ્રતાપ છે,–હું તને કેમ ભૂલું.

રાજાએ તો મંડપ સજાવ્યા ને ધામધૂમથી લગ્ન કર્યા. લગ્ન વખતે કુંવરને પહેરામણીમાં હાથી, ઘોડા, સુવર્ણના કળશ ને ગજમોતીના હાર ઉપરાંત પોતાના રાજ્યનો ચોથો ભાગ આપ્યો; તથા ઉત્તમ મહેલ આપ્યો. મનોવતી પણ સુખપૂર્વક

બીજા મહેલમાં રહેવા લાગી. તેની દર્શનપ્રતિજ્ઞાના પુણ્ય પ્રતાપે તત્ક્ષણ આવું ફળ આવ્યું. તેથી અહીં કવિ કહે છે કે—

तातें नरनार सुनीजे, नित दर्शप्रतिज्ञा कीजे।
जिनदर्श समान न कोई, यही सार जगतमें होई॥

## મહાન જિનમંદિરનું નિર્માણ

બગીચામાં દેવે જે જિનાલય—રચના કરી હતી તેનું કામ પુરું થતાં તે સંકેલી લીધી ને તે પોતાના સ્વર્ગમાં ચાલ્યો ગયો. આ તરફ રાજલક્ષ્મી પામીને કુંવર ભોગવિલાસમાં પડી ગયો ને મનોવતી પાસે આવવાનું ભૂલી ગયો. એમ કહેતાં ઘણા દિવસ વીતી ગયા ત્યારે એકવાર કુંવર મનોવતી પાસે આવ્યો. સુંદરીએ તેનું સ્વાગત કરતાં કહ્યું—સ્વામી! સાંભળો! ઘરમાંથી પિતાજીએ કાઢી મૂક્યા ત્યારે તમે હસ્તિનાપુર આવ્યા, ત્યાંથી તમારા સંગે મેં પણ ઘર છોડ્યું ને આપણે અહીં આવ્યા. ને જિનદર્શનપ્રતાપે દેવે સહાય કરી તેથી આજે વૈભવ પામ્યા છો.—આ બધી વાત તમે ભૂલી ગયા; મને બીજી તો ચિંતા નથી પણ એક વાત ખાસ કહું છું કે જેમ મને ભૂલી ગયા તેમ સુખકર ધર્મને ન ભૂલશો.

जैसी मेरी खबर अब, तुम भूले भरतार।
तैसे धर्म न भूलियो, सो जानो सुखकार॥

जो भूले तो बहु दुःख होय।
सो मत भूलो अब तुम सोय॥

ધર્મને ભૂલવાથી જીવ સંસારમાં ઘણાં દુઃખ પામે છે, માટે હે સ્વામી! મને તો ભૂલ્યા પણ ધર્મને કદી ન ભૂલશો.

સુંદરીની એ વાત સાંભળીને કુમાર લજ્જાથી નીચું જોઈ રહ્યો. થોડીવાર તે કાંઈ ન બોલી શક્યો. પછી કહ્યું—હે દેવી! મારી ભૂલ માફ કર. ધર્મનો સાચો ઉપકાર છે તે હું કદી નહિ ભૂલું. હવે તારી જે આજ્ઞા હોય તે હું શીઘ્ર પૂર્ણ કરું. માટે તારા મનમાં જે ભાવના હોય તે કહે.

ત્યારે તે ઉત્તમ સ્ત્રીએ કહ્યું : સ્વામી! આ જગતમાં ધર્મ જ સૌથી મહાન છે, તે જ દુઃખ-દારિદ્રતાનો નાશ કરનાર છે, સ્વર્ગ—મોક્ષની સુખ-સંપત્તિ તેનાથી જ પ્રાપ્ત થાય છે. માટે હે નાથ! તમે એક મોટું જિનમંદિર બંધાવો....આ ધર્મકાર્યમાં ઢીલ ન કરો.

धर्म बडो संसार मंझार, दुःखदारिद्र विनाशनहार।
धर्महीतें सुखसम्पत्ति होइ, स्वर्ग मुक्तिपद पावे सोइ।
तातें एक करो भरतार, जिनमन्दिर बनवाओ सार।
धर्मकाजमें मेरे कन्त, ढील न कीजे करहु तुरन्त॥

સુંદરીની એ વાત સાંભળીને કુંવર બહુ ખુશી થયો, ને તરત રાજદરબારમાં જઈને કહ્યું—મહારાજ! જો આપની આજ્ઞા હોય તો આપના રાજયમાં હું એક મોટું જિનમંદિર બંધાવવા ચાહું છું.

રાજાએ કહ્યું—તમે બહુ જ ઉત્તમ વાત વિચારી. તમને

ખુશી પડે ત્યાં ઉત્તમ જિનમંદિર બંધાવો, ને મોટો ઉત્સવ કરો.

રાજાની આજ્ઞા લઈને કુંવર તરત ઘરે આવ્યો, મોટા પંડિતો બોલાવ્યા ને શુભ મુહુર્ત જોવડાવ્યા, ને ચારે બાજુ એક ગાઉ જમીનમાં મનોવતીના હાથે ઉત્તમ જિનમંદિરના પાયા નાંખ્યા. આજે મનોવતીના હર્ષનો પાર ન હતો. ખજાના ખુલ્લા મૂકી દીધા ને છૂટા હાથે ધન ખરચવા માંડ્યું. કામની દેખરેખ માટે એક મુનિમ રાખ્યો ને તેને કહ્યું કે દેશ-પરદેશથી જે કોઈ કારીગર કે મજૂર આવે તેને કામ સોંપવું ને દરરોજ બે પૈસા આપવા; કોઈ માણસને પાછા કાઢવા નહીં. દેશોદેશમાં આ ખબર પહોંચી ગયા અને હજારો માણસો કામ માટે આવવા લાગ્યા. આ રીતે અહીં રત્નપુરીમાં તો જિનમંદિરનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે. ત્યારે વલ્લભીપુરમાં શું બની રહ્યું છે? તે જાણવા આપણી કથાને વલ્લભીપુર લઈ જઈએ.

## હેમદત્ત શેઠના હાલ

કુંવરના પિતા હેમદત્ત શેઠે મહા સુખકાર એવા જિનદર્શનની નિંદા કરેલી તેથી તેને મહા પાપ બંધાયું, ને છ મહિનામાં તો તેનું બધું ધન ચાલ્યું ગયું. છપ્પન કરોડ મહોરમાંથી એક પણ મહોર તેના ભંડારમાં ન રહી. ઘરેણા, ઘર, વસ્ત્ર તેમજ વાસણ બધુંય વેચી ખાધું; વધુ શું કહેવું? તેને ખાવાનાય સાંસા પડવા લાગ્યા; માથે લાકડાના ભારા લઈને વેચવા નીકળે તોપણ પેટ ભરાતું નહિ. આવી હાલત થતાં

તેઓ પરદેશ નીકળ્યા ને ભીખ માંગવા લાગ્યા, ઘણા દુઃખી થયા. પોતાના કરેલાં પાપનું ફળ જીવને ભોગવવું પડે છે. માટે હે જીવ! તું દેવ-ગુરુ-ધર્મની આસાતના કદી કરીશ નહિ. સદા બહુમાનપૂર્વક દેવ-ગુરુ-ધર્મની આરાધના કરજે. પોતાના કરેલા પાપના ઉદયથી પ્રતિકૂળતા આવી, તેને કોણ મટાડી શકે! જે ઊંચા હાથીના હોદ્દે બેસતા કે રથમાં નીકળતાં, રાજદરબારમાં જેનો આદર થતો, તે આજે ઉઘાડે પગે ભીખ માંગતા ફરે છે ને કોઈ તેને પૂછતું પણ નથી. માતા, પિતા, છ ભાઈઓ તથા છ ભાભીઓ એ ૧૪ માણસો કામ શોધતા ફરે છે ને દુઃખથી ધીરજ ગુમાવી રહ્યા છે. ૫૬ કરોડ મહોરના સ્વામીની આવી દશા થઈ ગઈ! એ દેખીને હે જીવો! તમે લક્ષ્મીનો ગર્વ ન કરો....લક્ષ્મી પામીને પણ જિનદેવની ભક્તિમાં તત્પર રહો.

હેમદત્ત શેઠ વગેરે બધા ભમતાં ભમતાં ઘણા દિવસે રત્નપુરમાં આવી પહોંચ્યા. તેમને જોઈને નગરના એક સજ્જને કહ્યું—આપ કોઈ ઉત્તમકુળના દેખાવ છો; તમે ભીખ માંગો તે શોભે નહિ. જો તમારાથી મજૂરીનું કામ થઈ શકે તો, આ નગરીના રાજાના જમાઈ એક કુમાર મોટું જિનમંદિર બંધાવે છે ને તેમાં હજારો માણસોને કામે લગાડ્યા છે, તે રોજના બે પૈસા આપે છે ને કોઈને ના પાડતા નથી, માટે તમે તે કામમાં લાગી જાઓ.

ત્યારે શેઠે કહ્યું—ભાઈ, અમે તો અજાણ્યા છીએ, અહીં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અમને કોઈ ઓળખતું નથી; માટે અમને એ કામમાં લગાડી દો....એટલી સહાય કરો.

એ સાંભળીને તે સજ્જન એ ચૌદેય માણસોને લઈને કુંવરના દરબારમાં આવ્યો. રાજદરબાર જેવા દરબારમાં કુંવર બેઠો હતો. ગજમોતીના હાર, કુંડળ વગેરે શણગારથી શોભતો હતો. તેને હાથ જોડીને સજ્જને કહ્યું—કુંવરજી! મારી પ્રાર્થના સાંભળો : આ ૧૪ પરદેશી માણસો ઉત્તમકુળના છે તેમને જિનમંદિરના કામમાં રાખો.

એ સાંભળીને કુંવર બુધસેને જ્યાં ઊંચી નજર કરી ત્યાં તો પોતાના માતા-પિતા, ભાઈ-ભાભીઓને દેખ્યા, અને તે વિચારવા લાગ્યો કે અરે, આ જગતમાં લક્ષ્મી અસ્થિર છે, તેનામાં કાંઈ સારપણું નથી. એ લક્ષ્મીને ધિક્કાર છે કે જેની ખાતર મારા બાંધવોએ મને ઘરમાંથી કાઢી મૂક્યો! હવે એ લક્ષ્મીનો નાશ થતાં તેઓ ભીખ માંગીને ખાય છે. ૫૬ કરોડ દિનારમાંથી એક પણ ન રહી—આમ વિચારી કુંવરે તેમને આશ્વાસન આપતાં કહ્યું કે—તમે ચિંતા ન કરો, હું હમણાં જ તમને કામમાં લગાવું છું—આમ કહીને કુંવર મહેલમાં મનોવતી પાસે ગયો. (કુંવર તો પોતાના માતા-પિતાને ઓળખી ગયો છે પણ માતા-પિતા વગેરે કોઈ એને ઓળખી શક્યું નથી.)

મહેલમાં આવીને કુંવરે મનોવતીને કહ્યું કે માતા-પિતા તથા ભ્રાતા ને ભોજાઈ—એ બધાય અહીં આવ્યા છે. હવે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

તેમની પાસે કાંઈ રહ્યું નથી ને ભીખ માગતા ફરે છે; તેઓએ મને ગર્વથી કાઢી મૂક્યો હતો, હવે મારો વારો આવ્યો છે. તેઓ મારી પાસે મજૂરી કરવા આવ્યા છે તો હવે તેમની પાસે ખૂબ મજૂરી કરાવીને મારા અપમાનનો બદલો વાળું.

ત્યારે ધુરંધર નારીએ ઠપકો આપતાં કહ્યું કે અરે માતા-પિતા માટે આવા વચનો ઉચ્ચારો છો—તે તમને શોભતું નથી. જેમની કૂંખે તમે અવતર્યા ને જેમણે તમને મોટા કર્યા—એ માતા-પિતાના ઉપકારનો બદલો કરોડો ઉપાયથી પણ વળે તેમ નથી. આપણે આપણા પૂર્વકર્મના ઉદયથી દુઃખ પામ્યા, તેમાં બીજાનો શું વાંક? માટે કોઈને દોષ ન દેશો. અને આ બંધુજનો તથા માતા-પિતા સાથે પ્રેમથી મેળાપ કરો. એમને ધન આપો, ને અપકાર ઉપર પણ ઉપકાર કરો. તેમના અવગુણ ન જોતાં ગુણને જુઓ.

ત્યારે કુંવરે કહ્યું કે હે દેવી! સાંભળ! તેઓએ અભિમાનથી મને ઘરમાંથી કાઢી મૂક્યો, તેથી એકવાર તો તેમની પાસે મજૂરી કરાવું, પછી તું જેમ કહેશે તેમ કરીશું.

સ્ત્રીએ ઘણું સમજાવ્યો કે હે સ્વામી! તમે હવે રાજના ઠઠારામાં ડૂબી ગયા છો તેથી ચેતતા નથી. જુઓ આ છપ્પન કરોડ દીનારના સ્વામી આજે ભીખ માગી રહ્યા છે,—માટે તમે લક્ષ્મીનો ગર્વ ન કરો, એ તો પડછાયા જેવી છે, કોઈ ઘરમાં તે કાયમ રહેતી નથી. આ પ્રમાણે ઘણું સમજાવવા છતાં કુંવર માન્યો નહિ, ને કહ્યું—બધા પાસે મજૂરી કરાવીને પછી

ઓળખાણ પાડીશ. ત્યારે મનોવતીએ કહ્યું : સ્વામી! હવે હું તમને કાંઈ કહેતી નથી; પણ મારું કહેવું એટલું તો જરૂર માનો કે માતા-પિતા તો એક તરફ બેસાડી રાખજો, એમની પાસે મહેનત કરાવશો નહિ. કુંવર તે વાત કબૂલ કરીને મંદિર ગયો, ને ત્યાં મુનિમને બોલાવીને કહ્યું–આ બારે માણસોને મજૂરીના કામમાં લગાડો; અને તેમની પાસે સવારથી સાંજ સુધી ભારે કામ કરાવો; બાકીના આ બે જણ વૃદ્ધ છે, તેમનાથી મહેનત થઈ શકે તેમ નથી. તેથી તે બંનેને એમને એમ બેસી રહેવા દેજો,—એ પ્રમાણે હુકમ કરી કુંવર ચાલ્યો ગયો.

આ બાજુ મનોવતીએ બધાંની તપાસ કરાવીને મુનિમને બોલાવીને ખાનગીમાં બધી હકીકત જણાવી, કે આ તો કુંવરજીના માતા–પિતા અને ભાઈઓ જ છે. તેઓ ઉચ્ચકુળના છે, તેમણે આવું કામ કદી કર્યું નથી અત્યારે પાપકર્મના ઉદયથી તેઓ આવી મજૂરી કરવા તૈયાર થયા છે. કુંવર રાજવૈભવ આડે બધું ભૂલી ગયા છે, પણ તમે મારી આજ્ઞા માનજો કે આ બધાની પાસે ઓછું કામ કરાવજો. એ સાંભળીને મુનીમે તે આજ્ઞાનો સ્વીકાર કર્યો અને મનમાં તેને ધન્યવાદ આપવા લાગ્યો કે આવી સ્ત્રીઓ ધન્ય છે–અને પછી બધાને યોગ્ય કામ સોંપી દીધું.

## પરિચય અને કુટુંબમિલન

આ રીતે બધો પરિવાર મજુરીમાં લાગી ગયો છે. ભૂતકાળને યાદ કરીને તેઓ દુઃખી થાય છે. અરે, અમે લક્ષ્મી તો ગુમાવી ને નાનોભાઈ પણ ગુમાવ્યો, આમ પશ્ચાત્તાપથી દુઃખી થાય છે, મજૂરી કરીને દિવસો વિતાવે છે.

એમ કરતાં કરતાં કેટલાક દિવસો વીતી ગયા બાદ એક દિવસે સુંદરીએ કુંવરને કહ્યું : હે સ્વામી! મને આ મહેલમાં એકલું-એકલું લાગે છે, મારે કોઈ બીજી સખીની જરૂર છે, માટે તમારી માતાને મહેલમાં બોલાવી લો. એ સાંભળીને કુંવરે માતાને મહેલમાં મોકલી.

સુંદરી માતા પાસે મહેલનું કોઈ કામ કરાવતી નથી; તેને પોતાની સાથે ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન જમાડે છે, તથા તેની સાથે પકવાન વગેરે મોકલીને આખા કુટુંબને ભોજન કરાવે છે. આ રીતે કુંવરથી ગુપ્તપણે કુટુંબીજનોનું પાલન-પોષણ કરે છે.

એક દિવસે સુંદરીએ કહ્યું માતા! તમે મારા માથાના વાળ ગૂંથી આપો. ત્યારે તે વૃદ્ધમાતાએ સંકોચથી કહ્યું કે તમે તો કોટિધ્વજના વધૂ છો ને અમે તો અત્યંત દરીદ્રી છીએ, તેથી તમારા મસ્તકને હાથ લગાડતાં મારો જીવ ચાલતો નથી.

વૃદ્ધમાતાની એ વાત સાંભળતાં જ મનોવતીની આંખમાં પાણી ઊભરાઈ આવ્યા : તે વિચારવા લાગી કે અરે, લક્ષ્મી આ સંસારમાં કેવી બુરી ચીજ છે!! આ પ્રત્યક્ષ મારી સાસુ છે ને

હું તેની પુત્રવધૂ છું; પરંતુ સંપત્તિ નાશ થવાથી મારી સમીપ પણ આવી શકતી નથી. પછી માતાને કહ્યું કે તમે ચિંતા ન કરો, ને મારું માથું ગૂંથી આપો.



ત્યારે તે માતા નજીક આવી ને વાળ ગૂંથવા માટે તેના માથાની રેશમી દોરી છોડી; તેના માથાના ચિહ્ન ઉપર નજર પડતાં જ વૃદ્ધ માતાનું હૈયું એકદમ ભરાઈ આવ્યું, તે આંસુ પાડી-પાડીને ખૂબ રોવા લાગી.

ત્યારે સુંદરીએ પૂછ્યું—માતા આટલું બધું રડો છો તો તેનું શું કારણ છે?

વૃદ્ધમાતાએ કહ્યું—બેન, તારું મસ્તક જોતાં મને મારી આગલી વાત યાદ આવી. પણ એ વાત કહું તો કોઈ સાચી માને તેમ નથી.

સુંદરી કહે—તમે ભય છોડીને, જે વાત હોય તે કહો.

વૃદ્ધ માતા હાથ જોડીને કહેવા લાગી—દેવી, સાંભળો! અમે પહેલાં આવા રંક ન હતા; અમે વલ્લભીપુરના મોટા ઝવેરી હતા ને અમારા ઘરે ૫૬ કરોડ દીનાર હતી. અમારી હવેલી પર છપ્પન તો ધજા ફરકતી, ને દેશોદેશમાં અમારી પેઢી ચાલતી., મારે સાત પુત્રો છે, તેમાં સૌથી નાનો બુધસેન, તેના વિવાહ હસ્તિનાપુરમાં કર્યા. તેની સ્ત્રી અત્યંત શીલવતી હતી. સુખકાર હતી; તેણે મુનિ પાસે એવી દર્શનપ્રતિજ્ઞા લીધી હતી કે ગજમોતી ચઢાવીને જિનદેવનું પૂજન કર્યા પછી જ જમવું; પરંતુ પૂર્વકર્મના ઉદયથી બુધસેનકુંવરને અમે ઘરમાંથી કાઢી મૂક્યો, પુત્રવધૂ પણ તેની સાથે જ ગઈ એ પુત્ર અને પુત્રવધૂનો ક્યાંય પત્તો લાગ્યો નહિ.

અમે જ્યારથી જિનદર્શનની નિંદા કરી ને પુત્રવધૂને ઘરમાંથી કાઢી ત્યારથી અમારી લક્ષ્મી નાશ થવા લાગી ને આજે અમારા આવા હાલ થયા. મારી પુત્રવધૂને મસ્તકમાં તારા જેવું જ ચિહ્ન હતું, તેથી આ ચિહ્ન દેખતાં પુત્રવધૂના સ્મરણથી મારું હૃદય ભરાઈ આવ્યું.

માતાની એ વાત સાંભળીએ સુંદરીને મનમાં તો કાંઈ રોષ ન આવ્યો, પણ બહારમાં એમ કહ્યું કે, શું હવે મને તમારી પુત્રવધૂ બનાવવી છે!!—એમ કહીને તેને મહેલમાંથી વિદાય કરી.

માતા ત્યાંથી પોતાના છ પુત્રો પાસે ગઈ ને મહેલમાં બનેલી બધી વાત કરી, ત્યારે પુત્રો તેનું અપમાન કરીને કહેવા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



લાગ્યા કે વગર વિચાર્યે તેં આ શું કર્યું? તું મહેલમાં જેમ તેમ શું કહી આવી? અહીં કોણ તારો પુત્ર ને ક્યાં તારી પુત્રવધૂ? તે અહીં ક્યાંથી હોય? તેં આપણી ઓળખાણ કેમ કરાવી દીધી?—એમ કહી તેને ઠપકો આપ્યો, ને ખાવા—પીવાનું આપ્યા વગર તેને ઘરમાંથી કાઢી મૂકી. આથી તે બહુ દુઃખી થઈ.

સુંદરીએ જ્યારે આ વાત સાંભળી કે તરત જ પોતાના સ્વામીને બોલાવ્યો ને કહ્યું કે હે સ્વામી! આ મોટા ભાઈઓ અને ભાભીઓ છે તે તમારા માતાપિતા સમાન છે, તે હજી માથા ઉપર ભાર ઉપાડ્યા કરે અને તમે આંખેથી જોઈ રહો તેમાં શું તમને લાજ નથી આવતી? હવે તેના માથે ઘણું વીતી ગયું, માટે તેમને મહેલમાં બોલાવી લ્યો ને સાથે રાખો.

ત્યારે કુંવરે કહ્યું—એમણે અભિમાનથી મને ઘરમાંથી કાઢી મૂક્યો હતો તેમની પાસે હજી ખૂબ મજૂરી કરાવીને પછી ઓળખાણ પાડીશ.

સુંદરીએ ઘણું સમજાવ્યા છતાં કુંવરે ન માન્યું ત્યારે છેવટે સુંદરીએ સ્પષ્ટ કહ્યું—સ્વામી સાંભળો! હવે મોટા ભાઈ-ભાભીઓ મજૂરી કરે તે મારાથી જોઈ શકાતું નથી; તેમને બોલાવવાની ઈચ્છા ન હોય તો તમે તમારે મહેલમાં બેસી રહેજો, પણ હું તો તેમને અહીં બોલાવી જ લઉં છું, અને તેમને ધન-વસ્ત્ર વગેરે સોંપું છું, શું તમારું જ ધાર્યું થશે? ને મારું કાંઈ નહીં ચાલે? જો તમે હઠ કરશો તો હું બધાની વચ્ચે જાહેર કરી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

દઈશ કે આ બધા અમારા વડીલ–કુટુંબીજનો છે, તેમની પાસે કુંવરે અભિમાનથી મજૂરી કરાવી–આમ લોકોમાં તમારી ખૂબ નિંદા થશે.

એ પ્રમાણે રોષપૂર્વક સુંદરીએ કહ્યું ત્યારે કુંવરે વિચાર્યું કે આ સ્ત્રી હવે રુષ્ટ થઈ છે, જો તેના કહેવા પ્રમાણે નહિ કરું તો તે બધી વાત જાહેર કરી દેશે ને મારી બહુ નિંદા થશે. આમ વિચારીને તેણે સુંદરીની વાત માની લીધી, અને તુરત એક સેવકને બોલાવીને તે ચૌદ પરદેશી માણસોને તુરત મહેલમાં બોલાવી લાવવા મોકલ્યો.

સેવકે ત્યાં જઈને માતા-પિતા તથા ભાઈ-ભાભીઓને કહ્યું કે તમને બધાને હમણાં જ કુંવરસાહેબ બોલાવે છે. એ સાંભળતાં જ બધાય ભયથી ધ્રુજવા લાગ્યા; અમને બધાનેઓ બોલાવ્યા છે, હવે કોણ જાણે અમારું શું થશે? આમ બીકથી ધ્રુજતાં ધ્રુજતાં તે બધા કુંવરના મહેલમાં આવી પહોંચ્યા.

તેઓ મહેલમાં દાખલ થયા કે તરત કુંવરે દરવાજા બંધ કરાવી દીધા, આથી તે બધાય વધુ ભયભીત થયા. ભયથી ધ્રુજતા ધ્રુજતાં થોડીવારે તેઓ મહેલના ચોકમાં પહોંચ્યા, ત્યાં મનોવતી સુંદરી બેઠી હતી.

માતાપિતા પ્રત્યે હાથ જોડીને કુંવરે કહ્યું—

मैं हूँ वह पुत्र तिहारो, जाको दियो देश निकारो।
इतनी कहके सिर नायो, हिमदत्तने कंठ लगायो।।

હે પિતાજી! હે માતાજી! આપ સૌ ભય છોડીને મારી સુખકાર વાત સાંભળો....હું તમારો તે પુત્ર (બુધસેન) જ છું કે જેને તમે ઘરમાંથી કાઢી મૂક્યો હતો. આમ કહીને કુંવરે માતા-પિતાને મસ્તક નમાવીને નમસ્કાર કર્યા; મનોવતીએ પણ સાસુને પગે પડીને નમસ્કાર કર્યા.

હેમદત્ત શેઠ અપાર હર્ષિત થયા ને પુત્રને ગળે વળગાડ્યો અને માતાના હર્ષનું તો કહેવું જ શું! પુત્રને અને પુત્રવધૂને જોતાં એ તો હર્ષથી ઘેલી બની ગઈ. એકબીજાના મિલનથી સૌને આંસુની ધાર વરસવા લાગી. વડીલ ભાઈઓને તેમ જ ભાભીઓને પણ ઘણા જ હેતથી મળ્યા. પછી ઘરના ભંડાર ખોલીને અનેક પ્રકારના વસ્ત્રો, આભૂષણો કાઢી સૌને પહેરાવ્યા; આખા કુટુંબને આનંદપૂર્વક સમજાવ્યું; હર્ષથી સૌએ સાથે બેસીને ભોજન કર્યું, ને પોતપોતાના સુખ-દુઃખની વાતો કરી. મનોવતીની દર્શનપ્રતિજ્ઞાની સૌએ ઘણી પ્રશંસા કરી.

થોડા દિવસ પછી કુમાર વડીલ બંધુઓને કહ્યું—ભાઈ આપ મારી વાત સાંભળો. અહીંથી કેટલુંક દ્રવ્ય લઈને આપ દેશાંતર જાઓ ને પછી ત્યાં વેપાર કરી વૈભવ સહિત અહીં પાછા રત્નપુરીમાં પધારો, અને ત્યારે આપનું જાહેર સ્વાગત કરીને હું રાજા વગેરે સાથે ઓળખાણ કરાવું—જેથી આપણા કુળની ઉત્તમ આબરૂ જળવાય.

બુધસેનની એ વાત સૌને ગમી, ને આનંદપૂર્વક અસવાર સહિત ધન લઈને બીજા નગર તરફ વિદાય થયા. થોડા દિવસ

પછી કુંવરે અહીંથી તેમને તેડવા માટે હાથી-રથ-ઘોડા-પાલખી વગેરે અનેક સાજ મોકલ્યા; કોઈ હાથીની અંબાડી ઉપર તો કોઈ રથમાં, કોઈ ઘોડા ઉપર, તો કોઈ પાલખીમાં, એ પ્રમાણે ધ્વજાવાવટા ને ડંકાનિશાન સહિત ધામધૂમથી સૌ રત્નપુરીમાં આવી પહોંચ્યા. કુંવરે રાજાને ખબર મોકલ્યા કે મારા વડીલ બંધુઓ અહીં આવ્યા છે. એ સાંભળીને રાજાએ તરત નગરમાં ઢોલ પીટાવ્યો કે પ્રજાજનો એમનું સામૈયું કરો. પ્રજાજનો હર્ષપૂર્વક તેમનું સામૈયું કરવા ધામધૂમથી ચાલ્યા. રાજા પણ સાથે આવ્યો. હાથી ને ઘોડા, નોબત ને વાજા સહિત સૌ બગીચામાં આવ્યા ને ત્યાં કુંવરે બધા સ્વજનો સાથે મેળાપ કરાવ્યો. કુંવરે રાજાને પોતાના ભાઈઓની ઓળખાણ પાડી. અરસપરસ મિલનથી સૌને ઘણો હર્ષ થયો. ત્યાંથી ગાજતેવાજતે સવારી કાઢીને રાજા તે સૌને પોતાના મહેલમાં લાવ્યો, સૌનું સન્માન કરીને ઉત્તમ ભોજન જમાડ્યા અને સૌને હાર પહેરાવ્યા. પછી કુંવરના મહેલે જઈને તેની રાણી તથા મનોવતીને સૌ મળ્યા, એકબીજાને દેખીને સૌને હર્ષ થયો ને આ બધો પ્રતાપ મનોવતીની દર્શનપ્રતિજ્ઞાનો છે એમ કહીને જિનદર્શનનો મહિમા કરવા લાગ્યા—

देखो दर्शन फल तुरत सार, ताते सब सुनियो नरनार।
जिन दर्शन प्रतिज्ञा करो सोय, ताको फल कहत अंत न होय।

इह विधिसों परिवार सब, वह अब भयो सहाय।
धन्य धर्म जिनराजको, वह अब भयो सहाय॥

सबै सुनो नर नार, दर्शप्रतिज्ञा कीजिये।
भवभव सुखदातार, नरभवको फल लीजिये॥

કથાકાર વારંવાર ભાવપૂર્વક કહે છે કે હે જીવો! તમે જિનેન્દ્રભગવાના દર્શનને મહાન સુખકાર જાણીને અવશ્ય દર્શનપ્રતિજ્ઞા ધારણ કરો. દરેક જીવે જિનદેવના દર્શન જરૂર કરવા જોઈએ—તેનું ફળ મહાન છે.

## રત્નપુરીમાં જિનમંદિરનો પ્રતિષ્ઠા-મહોત્સવ

હવે અહીં રત્નપુરમાં મનોવતીની ભાવના અનુસાર અતિશય વિશાળ ઊંચું ને સુંદર જિનમંદિર તૈયાર થઈ ગયું; એની શોભાની શી વાત? આરસના પગથિયા હતા, બિલ્લોરી પથ્થરના સ્તંભ હતા, કાશ્મીરી કારીગરીની સુંદર વેદી હતી, ઠેરઠેર અરીસા લાગેલા હતા, મોતીની માળા ને તોરણો ઝૂલતા હતા, અનેક સ્થળે સોના-ચાંદીની નકશી હતી, મંદિર ઉપર ઘણું જ ઉંચું શિખર હતું ને તેના ઉપર સુવર્ણનો કળશ ચમકતો હતો, સૌથી ઊંચે ધર્મધ્વજા ફરકતી હતી. આવું ભવ્ય જિનમંદિર જોઈને મનોવતીના હર્ષનો પાર ન હતો. તેણે કુંવરને કહ્યું—સ્વામી! સુંદર જિનમંદિર તૈયાર થઈ ગયું છે, માટે હવે પ્રતિષ્ઠામાં વિલંબ ન કરો. ઘણા જ ઉલ્લાસથી જિનેન્દ્રભગવાનના પંચકલ્યાણકનો મોટો ઉત્સવ કરાવો ને દેશોદેશોના યાત્રિકોને તેડાવો. જૈનધર્મની મહાન પ્રભાવના

કરો. ધર્મના આવા ઉત્તમ કાર્યમાં ઢીલ કરવી ઉચિત નથી, માટે આ કાર્ય તુરન્ત કરો.

એ સાંભળીને કુંવર તરત જ રાજદરબારમાં ગયો. અને કહ્યું—મહારાજ! જિનેન્દ્રદેવનું મંદિર તૈયાર થઈ ગયું છે, હવે આપની આજ્ઞાથી તેમાં ભગવાનની પ્રતિષ્ઠાનો ઉત્સવ કરવાની ભાવના છે.

રાજાએ તે સાંભળતાં જ હર્ષથી કહ્યું—તમારો વિચાર ઘણો જ ઉત્તમ છે. તમે આનંદથી મોટો ઉત્સવ કરો ને આ રત્નપુરીની શોભા બઢાવો. તેમાં અમારે લાયક જે કાંઈ કાર્ય હોય તે માટે હું હાજર છું ભગવાનની પ્રતિષ્ઠા માટે રાજ્યના ભંડાર ખુલ્લા છે. ધન્ય આ નગરી, કે જ્યાં મનોવતી જેવા જિનભક્તો વસે છે, ને જ્યાં જિનેન્દ્રભગવાના પંચકલ્યાણકનો મહોત્સવ થશે.

પ્રતિષ્ઠા-ઉત્સવની તડામાર તૈયારી ચાલવા લાગી. રાજાએ નગરમાં ડાંડી પીટાવીને સમસ્ત પ્રજાને હુકમ કર્યો કે પ્રતિષ્ઠા–ઉત્સવમાં જે કોઈ યાત્રિક આવે અને તેમને જે કાંઈ વસ્તુની જરૂર હોય તે તત્કાળ આપવી. જે વસ્તુ માંગે તે આપવી, ને તેની જે કિંમત થાય તે રાજના ભંડારમાંથી લઈ લેવી, યાત્રિકો પાસે કોઈએ કિંમત માગવી નહિ. કોઈ યાત્રિકની કાંઈ ભૂલચૂક થાય તો તે માફ કરવી. યાત્રિકોની રક્ષા માટે સૈન્ય પણ આપ્યું. એ રીતે કુંવરને માન આપીને મહોત્સવનો ઉત્સાહ બતાવ્યો—ખરેખર આવા ધર્મપ્રેમી

નૃપતિને પણ ધન્ય છે.

એ રીતે રાજાની આજ્ઞા લઈને કુંવર ઘરે આવ્યો, ને તુરત પંડિતોને તેડાવ્યા, પ્રતિષ્ઠાના મંગલ મુહૂર્ત જોવડાવ્યા; તથા નગરમાં નિમંત્રણ-પત્રિકા મોકલીને પંચને બોલાવ્યા. માલવ અને કુરુજાંગલ, હસ્તિનાપુર ને ઉજજૈન, અવન્તી અને મહારાષ્ટ્ર, ગુજરાત અને સૌરાષ્ટ્ર, કૌશલ અને કોંકણ, અંગ અને બંગ, મગધ અને પટણા, કાશ્મીર અને કાશી, મેરઠ ને તૈલંગ, વલ્લભીપુર ને દક્ષિણદેશ—એમ સર્વત્ર કંકોતરી મોકલીને સાધર્મીઓને તેડાવ્યા. ઠેરઠેરથી હજારો—લાખો યાત્રિકો આવવા લાગ્યા. નગરીને શણગારીને ઠેરઠેર તંબુઓ નાખ્યા, ધજા-પતાકા ફરકવા લાગી, નૌબત—વાજાં વાગવા માંડ્યા. અનેક દેશના મોટામોટા શ્રાવકોએ આવીને આનંદમાં વૃદ્ધિ કરી; કેટલાય હાથી, ઘોડા, રથ આવ્યા; મનોવતીએ ભગવાનની રથયાત્રા માટે સોના-ચાંદીનો એક અદ્‌ભુત રથ કરાવ્યો....જેમાં ઠેરઠેર હીરા-મોતીના તોરણ ઝુલતા હતા ને નીલમણિના છત્રો શોભતા હતા, મહોત્સવ માટે કુંવરે ભંડાર ખુલ્લા મૂકી દીધા, ને ઘણું જ ધન વાપર્યું. જિનેન્દ્રમહિમાનો આવો પ્રભાવશાળી ઉત્સવ જોઈને નગરજનો આશ્ચર્ય પામ્યા, સર્વત્ર જૈનધર્મનો મહિમા ફેલાઈ ગયો, હજારો-લાખો જીવોએ બહુમાનથી જૈનધર્મ અંગીકાર કર્યો. ચારેકોર યાત્રિકોની ભીડનો તો પાર ન હતો. યાત્રિકોનું અનેક પ્રકારે સન્માન કર્યું ને ઘણું વાત્સલ્ય બતાવ્યું.

આ રીતે પ્રતિષ્ઠા-મહોત્સવનો આનંદકારી મેળો ભરાયો. અને જિનમંદિરની શોભા કેવી હતી—તે હવે સાંભળો. બાવનગજની વેદિકા ઉપર સોનાનું હીરાજડિત ઉત્તમ સિંહાસન હતું, ચારેકોર મખમલ અને કિનખાબના ઉત્તમ ચંદરવા બાંધ્યા હતા, મોતીના માંડલા પૂર્યા હતા ને ગજમોતીના ચોક પૂર્યા હતા, સુવર્ણના વેદીમંડપ ઉપર બાવન આંગળીની મોતીની ઝાલર લટકતી હતી, ને ઠેરઠેર હીરા-માણેક જડ્યા હતા.

આવા જિનમંદિરમાં પાર્શ્વનાથ પ્રભુની રત્નમય જિનપ્રતિમા સ્થાપી હતી, એ પ્રતિમા ઘણી મોટી હતી ને ચૌમુખી હતી. ચારે બાજુથી તેની પૂજા થતી હતી. પૂજન કરનારા નરનારીઓના હાથની આંગળીમાં રત્નજડિત મુદ્રા હતી ને ગળામાં ગજમોતીના હાર હતા, શિર પર સુવર્ણમુગટ અને કપાળમાં કેશરના તિલક શોભતા હતા. આવા ઠાઠ સહિત ઈન્દ્રધ્વજ—મહાપૂજન ચાલતું હતું. પૂજનમાં ઉત્તમ પ્રકારના અષ્ટદ્રવ્યોના ઢગલેઢગલા ચઢતા હતા, ધૂપઘટમાં જાણે પાપ બળીને ભસ્મ થતા હતા; છત્ર અને ચામરથી જિનપ્રતિમા મનોહર લાગતા હતા. છડીદાર હાથમાં સોનાની છડી લઈને ઊભા હતા. અનેક જાતનાં મંગલવાજા ને નોબત વાગતા હતા, ઝાલર—ઘંટા વાગતા હતા ને ભક્તજનો જયજયકાર કરતા હતા. દિવસે તો પૂજન થતું ને રાત્રે જાગરણ થતું—તેમાં ભક્તિ કરતા, ને તીર્થંકર પ્રભુના પંચકલ્યાણકના અવનવા દૃશ્યો થતાં. અધિક વર્ણન કેટલું કરીએ? એના વર્ણનનો પાર આવે તેમ

નથી. મહેમાનોનું ને યાત્રિકોનું સન્માન કરીને ષટ્રસ ભોજન જમાડતા.

આમ આનંદપૂર્વક સાત દિવસ વીતતાં મહાપૂજન પૂર્ણ થયું ને આઠમા દિવસે જિનેન્દ્રદેવની મહાન રથયાત્રાની તૈયારી થઈ, શણગારેલા હાથી સુવર્ણનો રથને ચલાવતા હતા.

પ્રતિષ્ઠામાં ઈન્દ્ર-ઈન્દ્રાણીની વિધિ આવતાં રાજકુમારીના મનમાં અભિમાનથી એવો વિચાર આવ્યો કે કુંવર મને જ ઈન્દ્રાણી તરીકે સ્થાપશે, મનોવતીને નહીં સ્થાપે. પંચના કાને આ વાત આવતાં તેમને ચિંતા થઈ ને તેઓ રાજદરબારમાં આવ્યા. પંચનો આદર કરીને રાજાએ પૂછ્યું—કહો, તમને કોણે સતાવ્યા કે જેથી દરબારમાં આવવું પડ્યું? ત્યારે સકલ પંચે હાથ જોડીને કહ્યું—મહારાજ! જિનમંદિરની પ્રતિષ્ઠાનો મોટો ઉત્સવ ચાલે છે, તેમાં મનોવતી અને રાજકુમારી—બેમાંથી કોણ ઈન્દ્રાણી થાય? આપની તે સંબંધમાં શું સલાહ છે? ત્યારે ન્યાયવંત રાજાએ કહ્યું કે—મનોવતી સુંદરીની દર્શનપ્રતિજ્ઞાના કારણે જ આ મંદિર બન્યું છે, માટે તે જ ઈન્દ્રાણી થાય. આ સાંભળીને પંચના માણસો જિનમંદિર પહોંચ્યા ને રાજાનો હુકમ કહી સંભળાવ્યો. કુંવરે અને મનોવતીએ ઈન્દ્ર-ઈન્દ્રાણી થઈને ઘણા આનંદોલ્લાસથી ભગવાનના પંચકલ્યાણક ઉજવ્યા; ને પ્રતિષ્ઠાવિધિ-પૂર્વક ફાગણ સુદ બીજે પરમ ભક્તિપૂર્વક જિનમંદિરની વેદી પર જિનેન્દ્રભગવાનને બિરાજમાન કર્યા. સર્વત્ર જયજયકાર

છવાઈ રહ્યો, ચારેકોર મંગળ વાજાં વાગવા માંડ્યા. આમ જિનેન્દ્રભગવાની પ્રતિષ્ઠા થતાં મનોવતીને અપાર આનંદ થયો. વીતરાગ જિનબિંબ સન્મુખ ચૈતન્યધ્યાનની સ્ફુરણા થતાં તે સમ્યગ્દર્શન પામી.

આઠ દિવસનો ઉત્સવ પૂર્ણ થતાં નવમા દિવસે યાત્રિકોને સન્માનપૂર્વક વિદાય આપી. હસ્તિનાપુર તથા વલ્લભીપુરના યાત્રિકોને થોડા દિવસ વધુ રોકીને પછી હર્ષથી વિદાય આપી. સૌ યાત્રિકો પોતપોતાના ગામ જઈને પ્રતિષ્ઠા–મહોત્સવના આનંદની ચર્ચા કરવા લાગ્યા.

यह विधिसों जिनभवनकी, करी प्रतिष्ठा सार।
धन्य जन्म तिनको अबै, धन्य तिनको अवतार॥

હવે આ કથાને અહીં ઊભી રાખીને, ચાલો આપણો વલ્લભીપુર (કુંવરના મૂળ ગામમાં) જઈએ અને ત્યાં શું બન્યું તે જોઈએ.

સહજ ચિદાનંદ.

## વલ્લભીપુરમાં પુનરાગમન

વલ્લભીપુરના યાત્રિકો પોતાની નગરીમાં પહોંચ્યા અને ત્યાં જઈને રાજાને વાત કરી કે હે મહારાજ! રત્નપુરીમાં જેણે આ મોટો પ્રતિષ્ઠા-મહોત્સવ કરાવ્યો તે તો આપણી નગરીના હેમદત્ત શેઠનો જ પુત્ર બુધસેન છે. ગજમોતીના ભંડાર એના ઘરમાં ભર્યા હતા; તેની સ્ત્રીને ગજમોતી વડે ભગવાનની

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પૂજાની પ્રતિજ્ઞા હતી. જ્યારે આપે ગજમોતી માગ્યા ત્યારે આપના ભયને લીધે શેઠે તે પુત્રને ઘરમાંથી કાઢી મૂક્યો; મનોવતીની દર્શનપ્રતિજ્ઞાના પ્રભાવથી તેનો ભાગ્યોદય થયો છે, ને રત્નપુરીના રાજજમાઈ બન્યો છે. મનોવતીના કહેવાથી તે કુંવરે જિનમંદિર બંધાવ્યું ને જિનેન્દ્રભગવાની પ્રતિષ્ઠાનો મોટો મહોત્સવ કર્યો.

પ્રજાજનો પાસેથી એ વાત સાંભળીને રાજાને ઘણો પસ્તાવો થયો કે અરે, આવા સાધર્મી પુરુષને મારા ભયને લીધે નગરીમાંથી તેના પિતાએ કાઢી મૂક્યો, ને મને એની ખબર પણ ન પડી! વળી એની સ્ત્રીને દર્શનપ્રતિજ્ઞા હતી તેની પણ મને ખબર ન પડી, ને મારા ભયથી તેમને ઘર છોડવું પડ્યું! અરે, મારા જેવો પાપી કોણ?—આમ રાજાને મનમાં બહુ દુઃખ થયું. તરત જ તેણે મંત્રીને બોલાવ્યા ને કહ્યું—તમે હમણાં જ જઈને કુંવરને અને તેની સ્ત્રીને માનસહિત અહીં તેડી લાવો, તેમાં જરાપણ ઢીલ ન કરો.

ત્યારે મંત્રીએ કહ્યું કે એ તો રત્નપુરમાં રાજ કરે છે, તે અહીં કેમ આવશે?

રાજા—તમે જઈને કુંવરને એમ કહેજો કે, હે કુંવર! જો તું વલ્લભીપુર નગરીમાં પાછો નહિ આવે તો રાજાના પ્રાણ છૂટી જશે.

એ સાંભળીને મંત્રીઓ તરત રત્નપુર ચાલ્યા. રત્નપુરમાં કુંવરે તેમનો ઘણો આદર-સત્કાર કર્યો. જિનમંદિર

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જોઈને તેઓ બહુ જ ખુશી થયા. ને પછી કુંવરને મળીને કહ્યું કે રાજા તમને વલ્લભીપુર તેડાવે છે માટે તમે પધારો...ને અમારી ભૂલચૂક થઈ હોય તે માફ કરો. પ્રથમ તો કુંવરે વલ્લભીપુર જવાની અનિચ્છા બતાવી પણ જ્યારે મંત્રીએ કહ્યું કે તમે નહી આવો આવો તો રાજા પ્રાણ છોડશે, ત્યારે મનોવતીએ કુંવરને સમજાવ્યો અને કહ્યું કે આપણું આખું કુટુંબ અહીં છે, વલ્લભીપુરમાં તો કુટુંબનું નામ પણ રહ્યું નથી; ને અહીં તો આપણે માતાપિતાને કે કુટુંબને કોઈ ઓળખતું નથી, બધા લોકો તમને રાજાના જમાઈ તરીકે જ ઓળખે છે; માટે હે સ્વામી! આપણે આપણા પ્રદેશમાં જઈએ.


એ સાંભળીને કુંવરે વલ્લભીપુર જવાની તૈયારી કરી; ને રાજા પાસેથી પ્રેમપૂર્વક વિદાય લીધી. રત્નપુરીના જિનમંદિરમાં અતિ ભક્તિપૂર્વક દર્શન કરીને તથા ગજમોતીના પુંજ ચઢાવીને આખું કુટુંબ વલ્લભીપુર તરફ ચાલ્યું સાથે હાથી-ઘોડા-રથ ને વૈભવનો પાર નથી. માતા-પિતા, છ ભાઈઓ, ભોજાઈઓ—એ બધા પરિવાર સહિત વાજતેગાજતે વલ્લભીપુર તરફ ચાલ્યા. અરે, એક વખત જેઓ ભીખ માંગવા આ નગરીમાં આવ્યા હતા તેઓ અત્યારે ધામધૂમથી ડંકા-નિશાન સહિત જઈ રહ્યા છે,—આ બધો પ્રતાપ દર્શનપ્રતિજ્ઞાનો છે, એમ જાણીને સૌ નર-નારી હંમેશા ભગવાના દર્શનની પ્રતિજ્ઞા કરો.

ચાલતાં ચાલતાં થોડા દિવસો પછી તેઓ હસ્તિનાપુર

આવી પહોંચ્યા; ત્યાં તેના સસરાએ (મનોવતીના પિતાએ) તેમનું ઘણું જ સન્માન કર્યું, બધાને હારતોરા પહેરાવ્યા, ષટ્‌રસ ભોજન જમાડ્યા; ત્યાં બે દિવસ રોકાઈને આગળ કૂચ કરી, ને થોડા જ દિવસમાં વલ્લભીપુર આવી પહોંચ્યા. રાજાને તેની ખબર પડતાં જ નગરમાં દાંડી પીટાવીને ધામધૂમથી તેનું સામૈયું કર્યું. રાજા પોતે કુંવરને મળીને બહુ ખુશી થયો, ને સૌને પોતાના મહેલે લાવીને ઘણું સન્માન કર્યું. તથા દર્શનપ્રતિજ્ઞાની ઘણી પ્રશંસા કરી. નગરજનો પણ બુધસેનકુમાર અને મનોવતીને દેખીને બહુ પ્રસન્ન થયા. જુઓ, આ જિનદર્શનનો મહિમા! તેના પ્રતાપથી પાપકર્મો નષ્ટ થઈ જાય છે ને જ્યાં જાય ત્યાં જીવને લાભ જ થાય છે.

રાજમહેલથી આખો પરિવાર પોતાના ઘરે આવ્યો.....મુખ્ય દરવાજેથી સૌ મહેલમાં પ્રવેશ્યા; મનોવતી પાછળ હતી, તેને દરવાજામાં પગ મૂક્યો કે તરત જ ત્યાંથી ખજાના નીકળ્યા. જ્યાં તે જાય ને જ્યાં તે બેસે ત્યાં છપ્પન કરોડ દીનારના ઢગલા થાય—પુણ્યોદયનું આવું ફળ આવ્યું. તે ઘરમાંથી ગઈ ત્યારે શેઠની લક્ષ્મી પણ ચાલી ગઈ, ને ફરીથી તે ઘરમાં આવતાં લક્ષ્મીની વૃદ્ધિ થવા લાગી; તેમના મહેલ ઉપર છપ્પન ધજા ફરકવા લાગી, દેશોદેશનો વેપાર શરૂ થયો. જિનમંદિરમાં તેમણે મોટી પૂજા રચાવી, ખૂબ દાન દીધું, ને સાધર્મીઓનું સન્માન કર્યું. મનોવતી આનંદપૂર્વક ધર્મનું આરાધન કરવા લાગી.

## મુનિદર્શન અને સમ્યક્ત્વની પ્રાપ્તિ



એક દિવસ કુદરતયોગે શ્રી જિનધર મુનિરાજ તે વલ્લભીપુર નગરીમાં પધાર્યા; જે મુનિરાજ પાસે પોતે દર્શનપ્રતિજ્ઞા લીધી હતી તે મુનિવરના દર્શનથી મનોવતીને અપાર હર્ષ થયો....ને બુધસેનકુમાર સહિત પરમ ભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન કર્યું. ઘરમાં આનંદ છવાઈ ગયો...શ્રી મુનિરાજના ઉપદેશથી બુધસેનકુમારે પણ સમ્યગ્દર્શનનું ગ્રહણ કર્યું ને તેમના સમસ્ત પરિવારે દર્શનપ્રતિજ્ઞા અંગીકાર કરી...હે પાઠક! તું પણ મનોવતીની જેમ જિનવરદેવની આરાધના કરીને સમ્યક્ત્વને ગ્રહણ કર.

અંતમાં જિનદર્શનનો મહિમા કરતાં કથાકાર–કવિ લખે છે કે—

ઈહ વિધિ સોં સુંદરી ઘર આય, દર્શપ્રતિજ્ઞા કો પરભાવ;
દર્શન કરે પરમપદ હોય, દર્શન ચક્રવર્તી ગુણ સોય.

દર્શન તેં ઈન્દ્રાસન પાય, દર્શન ફલ ફણપતિ ગુણગાય;
બહુત બાત કો કહે બઢાય, દર્શન તેં ત્રિભુવનકે રાય.

જો જન દર્શન કરે ન કોય, પશુ સમાન નારીનર હોય,
તાતેં સુનિયો સબ નરનાર, કીજે દર્શપ્રતિજ્ઞા સાર.

હવે અહીં કોઈ પ્રશ્ન કરે કે જેને જિનદર્શનની પ્રતિજ્ઞા હોય, અને ક્યાંક જિનદર્શન ન મળતા હોય તો તેણે શું કરવું?

તેનો ઉત્તર :—જ્યાં સુધી જિનદર્શન મળી શકે ત્યાં સુધી તો દર્શન વગર ન રહેવું. પણ એવો જ યોગ બને કે જ્યાં જિનદર્શન ન હોય, તો મનમાં જિનદર્શનની ભાવનાપૂર્વક તે દિવસે ઉપવાસ અથવા એકાશન કરે, એટલી શક્તિ ન હોય તો ભોજન વખતે જે વસ્તુઓ હોય તેમાંથી એક વસ્તુનો ત્યાગ કરે.—એ રીતે દર્શનપ્રતિજ્ઞાનું પાલન કરે.

તાતેં નરનારી સુન લેહુ, દર્શપ્રતિજ્ઞા પાલહુ યેહુ,
દર્શસમાન ઔર ન હોય, દર્શસમાન ન જગમેં કોય.

તાતેં દર્શપ્રતિજ્ઞા લેય, બિન ભોજન ન કરેય,
દર્શન બિન ધિક જીવન હોય, યહ નિશ્ચયકર જાનો સોય.

દર્શનકથા પૂરણ ભઈ, 'ભારામલ્લ' પ્રગટ કર દઈ,
ભૂલચૂક જો કછૂ ભી હોય, પંડિત શુદ્ધ કરો સબ કોય.

મૈં મતિહીન કહી અતિકાર ક્ષમિયો બુધજન લઘુ નિરધાર.
પઢેં સુને જન જો મન લાય, જન્મ જન્મ કે પાતક જાય.

## પ્રશસ્તિ

તીર્થધામ સુવર્ણપુર સૌરાષ્ટ્ર દેશ મોઝાર,
સીમંધર જિનવરતણાં દર્શન આનંદકાર.

જ્યાં ગુરુ કહાન બિરાજતા અનેક સંતની સાથ,
સાધર્મી સહુ સેવતા શ્રી જિન-શાસ્ત્ર-સુપાઠ.

જિનમંદિર જિનદેવનું અતિશય ભવ્ય ઉદાર,
પચીસ વર્ષ પૂરણ થતાં, ઉત્સવ મંગલકાર.

બે હજાર બાવીશની બીજ ફાગણ ઉજમાળ,
જિનવરપ્રભુની ભક્તિથી કરી કથા સુખકાર.

પ્રગટી સંત શ્રીમુખથી આ દર્શનકથા સુસાર,
સુણકાં ભક્તિ ઉલ્લસી, સૌ બોલો જયજયકાર.

હરિ વંદે જિનચરણમાં અતિશય ભક્તિસહિત,
જિનવરપ્રભુ શરણું ગ્રહી પામે આતમહિત.

શ્રી જિનેન્દ્રપ્રભુ પ્રત્યે પરમભક્તિથી લખાયેલી
આ દર્શનકથા વાંચી–સાંભળીને સૌ
જિનેન્દ્રભક્તિની વૃદ્ધિ કરો!
જય જિનેન્દ્ર

ભગવાનના દર્શનની બીજી એક
નાનકડી કથા પણ સામે પાને વાંચો

## દેડકાની વારતા
## (દેડકામાંથી દેવ)

અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. એ વખતે ભગવાન મહાવીર આ ભરતભૂમિમાં વિચરતા હતા....ને ધર્મનો ઉપદેશ દેતા હતા.

મહાવીરપ્રભુ એકવાર રાજગૃહીનગરીમાં પધાર્યા.

રાજગૃહીનગરી ઘણી જ રળીયામણી.

શ્રેણીક રાજા ત્યાં રાજ કરે.

તે રાજા જૈનધર્મના મહાન ભક્ત.

માળીએ આવીને રાજાને સમાચાર આપ્યા કે આપણી નગરીમાં પ્રભુ પધાર્યા છે.

શ્રેણિકરાજા તો એ સાંભળીને ખુશખુશાલ થઈ ગયા. માળીને ઘણું ઈનામ આપ્યું....ને નગરીમાં ઢંઢેરો પીટાવ્યો કે મહાવીરપ્રભુ પધાર્યા છે; ચાલો સહુ તેમને વંદન કરવા, ચાલો તેમનો ઉપદેશ સાંભળવા.

રાજા તો હાથી ઉપર બેસીને ભગવાનને વંદન કરવા ચાલ્યો.

ભોં....ભોં....ભૂમ ભૂમ!
પોં....પોં.........પૂં....પૂં.

વાજાં વાગ્યા ને ઢોલ ઢમક્યા.

રાજાની સાથે હજારો નગરજનો દર્શન કરવા ચાલ્યા.

આ બધું જોઈને એક દેડકાનેય મન થયું કે હું પણ ભગવાનના દર્શન કરવા જાઉં; એટલે મોઢામાં એક ફૂલ લઈને એ પણ ઉપડ્યું ભગવાનના દર્શન કરવા. ભક્તિભાવથી એ તો દોડ્યું જાય છે—



દેડકું દેડકું દોડ્યું જાય,
મોઢામાં ફૂલ લઈને જાય,
વીર પ્રભુને પૂજવા જાય,
એને દેખી આનંદ થાય.

ડગ...ડગ...ડબક....!
ટબ...ટબ....ટબક....!

દેડકાભાઈ તો ચાલ્યા જાય છે.

એના હૈયામાં આનંદ માતો નથી.

પાછળ શ્રેણીક રાજાનો હાથી પણ ચાલ્યો આવે છે.

રાજા હાથી ઉપર બેસીને જાય....

ને દેડકાભાઈ કૂદતા કૂદતા જાય....

બંનેને ભગવાનના દર્શનની ભાવના છે.

હોંશે હોંશે દેડકું દેડકું ઠેકડા મારતું જાય છે.

ટબ ટબ ટબક....!

ડગ ડગ ડબક....!

એને આસપાસનું કાંઈ ભાન નથી.

એક જ ધૂન છે કે વીરપ્રભુનાં દર્શન કરું.

એવામાં રાજાના હાથીનો પગ એના ઉપર આવી ગયો. અરરર! દેડકા ઉપર હાથીનો પગ!! પછી એ ક્યાંથી બચે?

દેડકું તો મરી ગયું.

દેડકું દેડકું દોડ્યું જાય,

વીરપ્રભુને પૂજવા જાય,

રસ્તામાં એ મરી જાય,

મરીને એ દેવ થાય.



દેડકું તો હાથીના પગ નીચે કચડાઈ ગયું ને મરી ગયું....પરંતુ મરતાં મરતાંય ભગવાનની પૂજા કરવાની ભાવના એણે છોડી નહિ, એટલે એ ભાવનાથી મરીને તે દેવ થયું.

આ બાજુ રાજા શ્રેણિક વૈભારપર્વત ઉપર મહાવીરપ્રભુના સમવસરણમાં આવી પહોંચ્યા ને ભગવાનની શોભા દેખીને એને અપાર આનંદ થયો. અહા, ભગવાનની શોભાની શી વાત! ભગવાનની સભામાં ગૌતમ ગણધર અને હજારો મુનિઓ બેઠા છે; ચંદના સતી વગેરે છવીસ હજાર અર્જિકા છે; લાખો શ્રાવક-શ્રાવિકા છે, ને અસંખ્ય દેવ-દેવીઓ છે. સિંહ ને સસલાં હાથી ને હરણ, વાંદરા ને વાઘ, સર્પ ને મોર, એ બધાય બેઠા છે, ને ભગવાનની વાણી સાંભળે છે.

શ્રેણિક રાજાએ ઘણી ભક્તિથી ભગવાનના દર્શન કર્યા; અને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા, તથા તીર્થંકર નામકર્મ બાંધ્યું.

એવામાં આકાશમાંથી એક દેવ ઊતરીને ઘણી ભક્તિથી ભગવાનના દર્શન કરવા લાગ્યો એના મુગટમાં દેડકાનું ચિહ્ન હતું.

એને દેખીને શ્રેણિકને આશ્ચર્ય થયું ને ભગવાનને પૂછ્યું—હે નાથ! આ દેવ કોણ છે?

ત્યારે ભગવાનની વાણીમાં એમ આવ્યું કે એ તારી રાજગૃહીનગરીના નાગદત્ત શેઠનો જીવ છે; તે શેઠ મરીને દેડકું થયેલ; તેને તેનો પૂર્વભવ યાદ આવ્યો છે, અને તે તારી સાથે મોઢામાં ફૂલ લઈને દર્શન કરવા આવતું હતું. ત્યાં વચ્ચે તારા હાથીના પગ નીચે કચરાઈને મરી ગયું; ને મરીને દેવ થયું. ત્યાં અવધિજ્ઞાનથી તેને ખબર પડી કે ભગવાનના દર્શન-પૂજનની ભાવનાના પ્રતાપે હું દેડકામાંથી દેવ થયો છું, એટલે તે અહીં આવીને તારી સાથે દર્શન-પૂજન કરી રહ્યો છે.

ભગવાનના શ્રીમુખથી આ વાત સાંભળીને એ દેવને ઘણો હર્ષ થયો ને ભગવાનનો ઉપદેશ સાંભળીને તે પણ સમ્યગ્દર્શન પામ્યો.

પ્રિય પાઠક! આપણે પણ એ દેડકાની જેમ ભગવાનની ભક્તિ-પૂજા કરવી જોઈએ ને આત્માને ઓળખવો જોઈએ.

વાર્તા પૂરી.

બોલો, મહાવીરભગવાનકી....જય.



તીર્થપતિ તુજ વંદન-ધ્યાયે દેડકો પણ દેવ થયો.

સહજ ચિદાનંદ.

# શ્રી જિનવરદર્શન-સ્તોત્ર
## (પદ્મનંદી—પચ્ચીસીમાંથી)

(૧) હે જિનેશ! હે પ્રભો! આપનાં દર્શનથી મારી આંખો સફળ થઈ, તથા મારું મન એ મારું શરીર એવું દેખાય છે કે જાણે અમૃતથી જ શીઘ્ર સીંચાયું હોય!

(૨) હે જિનેન્દ્ર! આપનાં દર્શનથી, જે સર્વથા દૃષ્ટિને રોકનાર હતો એવો મોહઅંધકાર એવી રીતે નાશ થઈ ગયો કે જેથી વસ્તુનું સ્વરૂપ જેવું હતું તેવું મેં દેખી લીધું.

(૩) હે જિનેન્દ્ર! હે પ્રભો! આપના દર્શનથી પરમાનંદથી ભરેલો હું મારા મનથી એમ માનું છું કે જાણે હું સાક્ષાત્ મોક્ષને જ પામી ગયો હોઉં!

(૪) હે જિનવર! આપનાં દર્શનથી પ્રબળ પાપો નષ્ટ થઈ ગયાં—એમ મને માલુમ પડ્યું, તે યોગ્ય જ છે, કેમ કે સૂર્યનો ઉદય થતાં રાત્રિનો અંધકાર કેટલો વખત રહી શકે?

(૫) હે જિનેન્દ્ર! આપનાં દર્શનથી એવા કોઈ ઉત્તમ પુણ્યના સમૂહની પ્રાપ્તિ થાય છે કે જેના પ્રતાપથી આ જીવ આ લોક તથા પરલોક બંને લોકની સિદ્ધિઓનો સ્વામી થઈ જાય છે.

(૬) હે જિનેશ! હે પ્રભો! આપનાં દર્શનથી હું એવો પુણ્યલાભ માનું છું કે જે પુણ્યલાભથી અસાધારણ સુખનું

નિધાન તથા અવિનાશી એવા મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

(૭) હે સ્વામી ! હે જિનેન્દ્ર ! આપના દર્શનથી મને એવો ઉત્તમ સંતોષ થયો છે કે તે સંતોષની પાસે ઈન્દ્રનું ઐશ્વર્ય પણ મારા અંતરમાં લેશમાત્ર તૃષ્ણા ઉત્પન્ન કરતું નથી.

(૮) હે જિનેન્દ્ર ! સમસ્ત પ્રકારના વિકારોથી રહિત તથા પરમ શાંત એવા આપને દેખીને જે મનુષ્યની દૃષ્ટિને આનંદ નથી થતો, તે મનુષ્યના સ્વકીય જન્મોનો નાશ પણ નથી થતો.

(૯) હે પ્રભો ! હે જિનેન્દ્ર ! આપને દેખવા છતાં પણ ક્યારેક ક્યારેક મારું મન બીજા કાર્યોથી આકુલિત થઈ જાય છે, તેમાં મારાં પૂર્વોપાર્જિત કર્મનો જ દોષ છે.

(૧૦) હે જિનવર પ્રભો ! આપનાં દર્શનથી, મારા બીજા જન્મોની વાત તો દૂર રહો પરંતુ આ જન્મમાં પણ મને અનેક પ્રકારનાં સુખોની પ્રાપ્તિ થાય છે અને મારા સમસ્ત પાપો દૂર ભાગી જાય છે.

(૧૧) હે પ્રભો જિનવર ! આપનાં દર્શન થવાને લીધે બધા દિવસોમાં આજનો દિવસ ઉત્તમ તથા સફળ છે—એમ જાણીને મેં પટ્ટબંધન કર્યું.

(૧૨) હે પ્રભો જિનેશ્વર ! આપનાં દર્શનથી, આપનું જે આ બહુમૂલ્ય મંદિર છે તે મારે સમસ્ત પ્રકારની લક્ષ્મીના સંકેતઘર સમાન છે—એમ મને જણાય છે.

(૧૩) હે પ્રભો ! હે જિનેન્દ્ર ! આપને દેખતાં મારું ક્ષેત્ર

ભક્તિરૂપી જલથી સમાશ્રિત થયું, સિંચિત થયું, તે શરીર રોમાંચના બહાને એવું શોભે છે કે જાણે પુણ્યબીજનાં જ અંકુર પ્રગટ્યા હોય !

(૧૪) હે પ્રભો ! હે જિનેન્દ્ર ! સિદ્ધાંતરૂપી અમૃતના ગંભીર સમુદ્ર એવા આપને દેખ્યા પછી, એવો કોણ જ્ઞાની હોય કે જે, રાગાદિ દોષોથી જેમનો આત્મા મલિન થઈ રહ્યો છે એવા દેવોને માન ?

(૧૫) હે પ્રભો ! હે જિનેશ ! મનુષ્યનું મન જો મિથ્યાત્વરૂપી કલંકથી કલંકિત ન થયું હોય તો, તે પુરુષ આપનાં દર્શનથી અત્યંત દુર્લભ એવા મોક્ષને પણ ભલી રીતે પ્રાપ્ત કરી લે છે.

(૧૬) હે પ્રભો ! જે મનુષ્ય આપને આ ચર્મનેત્રથી પણ દેખી લ્યે છે તે મનુષ્યને એવા અપૂર્વ પુણ્યની પ્રાપ્તિ થાય છે કે જે પુણ્ય આગળ જતાં કેવળજ્ઞાન તથા કેવળદર્શનરૂપી નેત્રોને ઉત્પન્ન કરે છે.

(૧૭) હે પ્રભો ! હે જિનેન્દ્ર ! આપને દેખીને પણ જે મનુષ્યે પોતાના આત્માને કૃતકૃત્ય ન માન્યો તે મનુષ્ય નિયમથી સંસારરૂપી સમુદ્રમાં મજ્જન તથા ઉન્મજ્જનને કરે છે (અર્થાત્ ગોથાં ખાય છે.)

(૧૮) હે પ્રભો ! હે જિનેશ ! વાસ્તવિકદૃષ્ટિથી આપને દેખતાં અમને જે કાંઈ આનંદ થાય છે તે આનંદ જો કે અમારા સ્વાનુભવમાં સ્થિત છે, તોપણ તે વચનથી અગોચર જ

છે, તેથી તે સંબંધમાં અમે શું કહીએ ?

(૧૯) હે પ્રભો જિનેન્દ્ર! દેખવાયોગ્ય પદાર્થોની સીમાના વિશેષસ્વરૂપ અર્થાત્ કેવળજ્ઞાનસ્વરૂપ એવા આપને દેખવાથી હું દર્શનવિશુદ્ધિને પામ્યો, અને તે વખતે જેટલા બાહ્ય પદાર્થો છે તે મારાં નથી (—એમ મને ભાન થયું.)

(૨૦) હે ભગવાન ! આપને દેખવાથી મનુષ્યોની દૃષ્ટિ અધિક સુખી તથા અત્યંત નિર્મળ થાય છે, તેથી દર્શનના સુખને કરનારા એવા સૂર્યને કોણ દેખે છે ?—કોઈ નહિ.

(૨૧) હે જિનેન્દ્ર ! જ્ઞાનવાન, સમસ્ત દોષોથી રહિત તથા વીર એવા આપને દેખ્યા પછી, એવો કોણ મનુષ્ય છે કે જેની દૃષ્ટિ, જડ તથા દોષની ખાણ અને આકાશમાં રહેનાર એવા ચંદ્રમા સાથે પ્રીતિ કરે ?

(૨૨) હે પ્રભો જિનેન્દ્ર! પ્રભાતના સમયમાં જેમ ખદ્યોત (આગીયા) પ્રભારહિત થઈ જાય છે, તેમ આપને દેખતાં મારા મનમાં પણ ચિંતામણિ, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ પ્રભારહિત થઈ ગયા.

(૨૩) હે જિનેન્દ્ર ! આપના દર્શનથી મારા મનમાં જે રહસ્ય (પ્રેમરસ) ઉત્પન્ન થયો છે તે પ્રેમરસ આનંદના આંસુઓ તરીકે અંદરથી બહાર નીકળે છે—એમ માલુમ થાય છે.

(૨૪) હે પ્રભો જિનેન્દ્ર ! જેમ ચંદ્રમામાં કિરણોની હારમાળા આગળ ગમન કરે છે તેમ આપના દર્શનથી કલ્યાણોની પરંપરા પણ બોલાવ્યા વગર પુરુષની સામે આગળ ગમન કરે છે.

(૨૫) હે પ્રભો જિનેશ્વર ! આપના દર્શનથી, પુણ્ય રહિત એવી સમસ્ત દશે દિશાઓરૂપી લતા ઈષ્ટ ફળને આપે છે, અને રત્નોથી રહિત એવું આકાશ પણ રત્નોની વૃષ્ટિ કરે છે.

(૨૬) જેમ ચાંદની પ્રસરતાં સરોવરમાં રાત્રિવિકાસી કમલ શીઘ્ર જ પ્રફુલ્લિત થઈ જાય છે તેમ, હે જિનેશ ! આપના દર્શનમાત્રથી જ ભવ્ય જીવ સમસ્ત પ્રકારના ભયોથી રહિત તથા મોહરૂપી નિદ્રાથી રહિત સુખી થઈ જાય છે.

(૨૭) હે જિનેશ ! હે પ્રભો ! જેમ ચંદ્રનો ઉદય થતાં તરત જ સમુદ્ર ઉલ્લાસને પામે છે, તેમ આપના દર્શનથી પણ મારા હૃદયમાં અત્યંત પ્રસન્નતા થાય છે.

(૨૮) હે પ્રભો ! હે જિનેશ ! આપને દેખીને હું હૃદયમાં એવો અધિક સુખી થયો,—જાણે કે બહુ શીઘ્ર મારા પ્રયોજન સિદ્ધ થશે,—એવો મારો મનોરથ જ સિદ્ધ થયો.

(૨૯) હે પ્રભો ! હે જિનેશ ! આપના દર્શનથી આ જન્મ પણ મારો પરમ મિત્ર બની ગયો, કેમ કે આ જન્મમાં રહેનારા મને આપના દર્શન થયા છે.

(૩૦) હે પ્રભો ! હે ભગવાન ! જે ભવ્ય જીવ ગાઢ ભક્તિથી સહિત છે તેને આપના દર્શનથી લીલામાત્રમાં સમસ્ત પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય છે.

(૩૧) હે પ્રભો ! હે જિનેશ ! જે પ્રાણીના પ્રાણ કંઠમાં આવી ગયા છે—અર્થાત્ જેનું મૃત્યુ નજીક છે એવા પ્રાણીને પણ, શુભગતિની સિદ્ધિમાં એક અસાધારણ કારણ એવા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આપના દર્શનથી, ઉત્તમ ધીરતા પ્રાપ્ત થાય છે.

(૩૨) હે પ્રભો ! હે જિનેશ ! આપના દર્શનથી અર્થાત્ આપના ચરણકમલની પ્રાપ્તિ થતાં, એવી કઈ વસ્તુ બાકી રહી કે જે મને ન મળી હોય ? અર્થાત્ સમસ્ત પદાર્થોની સિદ્ધિ થઈ.—તેથી એવો કોણ જ્ઞાની છે કે જે આપના દર્શનની ઈચ્છા રાખતો ન હોય ?

(૩૩) હે પ્રભો જિનેશ ! પદ્મનંદી—આચાર્ય દ્વારા કરવામાં આવેલી આપની "દર્શનસ્તુતિ"ને જે ભવ્યજીવ ત્રણે કાળ પઢે છે તે ભવ્યજીવ સંસારરૂપી જાળનો સર્વથા નાશ કરી નાંખે છે.

(૩૪) હે પ્રભો ! હે જિનેન્દ્ર ! આપને દેખીને કહેલું તથા સમસ્ત ભવ્યજનોના મનને આનંદ દેનારું, અને ભવ્યજીવો દ્વારા પઢવાયોગ્ય—એવું આ આપનું દર્શનસ્તોત્ર આ પૃથ્વી ઉપર સદા વૃદ્ધિને પામો !

જય જિનેન્દ્ર

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.